વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦/-
ઘનશ્યામ
૧૦ જુલાઈ, ૨૦૨૪ ● વર્ષ : ૪૯ અંક : ૦૭



એક દૃષ્ટિ સ્વામી સામે, રાખજો આઠું જામ. - ગુરુદેવ પ.પૂ. બાપજી




ફૂલના વાઘામાં શોભતા ઘનશ્યામ મહાપ્રભુ

## અનુક્રમણિકા


૦૩ દિવ્યવાણી

૦૬ અધ્યાત્મના સુમેરુ : સત્પુરુષ

૦૮ કરીએ સાચું ગુરુપૂજન

૧૩ ગુરુજીમાં મમત્વભાવ - પ્રીતિ

૧૮ ગુરુજીમાં બની રહેવું નિઃસંશય


૨૨ ગુરુજીના સુખે સુખી ને દુઃખે દુઃખી

૨૬ ગુરુજીમાં આયખું ઓગાળવું

૩૧ હાલોલ દિવ્ય મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

# દિવ્યવાણી

તા. ૩-૬-૨૦૨૪ની ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની દિવ્યવાણીમાંથી સંકલિત



અનંતકાળથી જીવને બે મોટાં પાપ વળગ્યાં છે : (૧) દેહને વિષે અહમ્‌બુદ્ધિ, (૨) દેહના સંબંધીને વિષે મમત્વબુદ્ધિ. જે આપણને ભગવાનને વિષે સ્નેહ પ્રગટાવી અનાદિમુક્તની સ્થિતિ પામવા દેતાં નથી. આપણા લક્ષ્યને ચુકાવી દે છે. આ પાપથી રહિત થઈ લક્ષ્ય સિદ્ધ કરવા શ્રીજીમહારાજે ગઢડા પ્રથમના ૮મા વચનામૃતમાં શ્રેષ્ઠ ઉપાય દર્શાવ્યો છે. જેને વચનામૃતના રહસ્યજ્ઞાન પ્રદાતા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ તા. ૩-૬-૨૦૨૪ની સંકલ્પ સભામાં સમજાવ્યો હતો. તેને વાગોળી સ્થિતિ તરફ પ્રયાણ કરીએ.

**વચનામૃત : "અને સાધુનો સંગ રાખવો અને કુસંગનો ત્યાગ કરવો. અને જ્યારે એ કુસંગનો ત્યાગ કરીને સાધુનો સંગ કરે છે, ત્યારે એને દેહને વિષે જે અહમ્‌બુદ્ધિ છે તે નિવૃત્તિ પામે છે, અને દેહના સંબંધીને વિષે જે મમત્વબુદ્ધિ છે તે નિવૃત્તિ પામે છે, ને ભગવાનમાં અસાધારણ પ્રીતિ થાય છે."**

મહારાજે ઉપાય રૂપે મુખ્ય બે વાત કહી : (૧) સાધુ અર્થાત્ સત્પુરુષનો સંગ કરવો. તેમની મરજીમાં રહેવારૂપી સંગ કરવો. (૨) કુસંગનો ત્યાગ કરવો. આપણે સત્પુરુષનો સંગ કરીએ છીએ, સમાગમ કરીએ છીએ પણ કુસંગનો ત્યાગ કરતા નથી એટલે મોટાપુરુષના જોગમાં રહેવા છતાં ઊર્ધ્વગતિ થતી નથી.

**કુસંગ ચાર પ્રકારના હોય છે. આવો ત્યારે, તેને સમજી તેનાથી છેટા રહીએ.**

**૧. વિષય અને વિષયી જીવનો સંગ**

મોટા સંતો કહેતા, 'ઝેરનું ફળ અમૃત અને અમૃતનું ફળ ઝેર.' મહારાજ અને મોટાપુરુષે કરેલા નિયમમાં વર્તવું ઝેર જેવું લાગે છે પણ તેનું ફળ અમૃત એટલે કે રાજીપો છે. જ્યારે વિષયનો સંગ અમૃત જેવો લાગે છે પણ તેનું ફળ ઝેર છે. તે અંતઃકરણને ભ્રષ્ટ કરી કલ્યાણના માર્ગમાંથી પાડી નાખે છે. મોબાઈલનો (સ્માર્ટ ફોનનો) દુરુપયોગ, ઈન્સ્ટાગ્રામ, સ્નેપ ચેટ, ફેસબુક આદિ સર્વે સોશિયલ સાઈટ્સના દુરુપયોગથી તેમાં ન જોવાનું જોવાય છે. તે પ્રત્યક્ષ સ્ત્રીના સંગ કરતાં પણ જીવનને વધુ ભ્રષ્ટ કરી નાખે છે. સ્માર્ટ ફોનમાં ઈન્ટરનેટ એ આજનું ભયંકર દૂષણ છે. પણ જ્યારે વિષયાસક્ત થઈ જવાય છે ત્યારે આવું મહારાજ અને મોટાને નથી ગમતું, તેઓ કુરાજી થશે, મારો સુખનો માર્ગ બગડી જશે એનું પણ ભાન રહેતું નથી અને મહારાજ અને મોટાપુરુષ પ્રગટપણે મને જોઈ રહ્યા છે. અંતર્યામીપણે મારું બધું જાણે છે એ ભૂલી જઈએ છીએ. પરંતુ સાવધાન બની આપણા હિતને જોવું.

આપણે રસ્તે જતા હોઈએ અને આપણી આગળની ગાડીની પાછળ ડેન્જરસનો સિમ્બૉલ જોઈએ કે તરત આપણી ગાડી તેનાથી છેટી કરી દઈએ છીએ. તેમ વિષય અને વિષયીજનનો સંગ બહુ ડેન્જરસ છે. માટે તેનાથી છેટા રહેવું. જેના જોગમાં વિષયનું જોર વધતું હોય, અવેરી વર્તમાન લોપાતું હોય, મહારાજ અને મોટાપુરુષથી દૂર કરતા હોય તેવા જગતના વિષયી જીવ, વિજાતિ પાત્રો તથા સગાંસંબંધીના સંગથી સાવધાનીપૂર્વક છેટા રહેવું; નહિ તો આપણું કરેલું બધું ધૂળધાણી કરી નાખે.

**૨. હિંમત વિનાની ઢીલી નકારાત્મક વાતરૂપી કુસંગ**

શ્રીજીમહારાજે ગઢડા પ્રથમના ૧૭મા વચનામૃતમાં કહ્યું છે, "સત્સંગમાં કુસંગ તે શું છે ? તો જે વાતના કરનારા હિંમત વિનાની વાત કરે છે તે સત્સંગમાં કુસંગ છે." હલકા શબ્દો બહુ અસર કરે. ઢીલી વાત નિયમ તોડાવે, અધોગતિ કરાવે. જ્યારે ભારે, બળભર્યાં, હિંમતનાં વચનો ઊર્ધ્વગતિ કરાવે. માટે હિંમત વિનાની ઢીલી વાત કરતા હોય તેનો સંગ કરવામાં સાવધાની રાખવી. નહિ તો ક્યારે ઢીલી વાત કરી પાછા પાડી દે તે ખબર ન પડે.

એક કિશોરમુક્ત બાલ્યાવસ્થાથી કારતક સુદ એકાદશીથી પૂનમ સુધી બાપાશ્રીના પ્રાગટ્ય નિમિત્તે પાંચ નકોરડા ઉપવાસ કરતા. એક વખત તેના મિત્રએ કહ્યું, "અલ્યા, મરી જઈશ. પાંચ ઉપવાસ તે કાંઈ થતા હશે ? છાનોમાનો જમી લે." બાલ્યાવસ્થામાં સહેજે કરતા હતા પણ કિશોરાવસ્થાએ ઢીલા શબ્દો સાંભળતાં આત્મવિશ્વાસ ડગી ગયો અને રાજીપાના માર્ગમાંથી પાછા પડી ગયા.

સદ્. ગુણાતીતાનંદ સ્વામી જૂનાગઢ બિરાજતા ત્યારે ચારેકોરથી મુમુક્ષુઓ સ્વામીનો સમાગમ કરવા આવતા. એક વાર ઉત્તર ગુજરાત, દંઢાવ્યમાંથી ચાર મુમુક્ષુ ચાલતા આવ્યા હતા. મંદિરમાં પ્રવેશતાં જ એક હાથમાં છ આંગળીવાળા સંત મળ્યા. સંતે પૂછ્યું, "ભક્તો, ક્યાંથી આવો છો ? કેમ આવ્યા છો ?" "સ્વામી, અમે દંઢાવ્યથી, સ્વામીનો સમાગમ કરવા આવ્યા છીએ. એમને લૂંટી લેવા છે. રાજી કરવા છે." સ્વામીનાં દર્શનની ત્વરા હતી તેથી ત્રણ જતા રહ્યા પરંતુ એક તેમની સાથે વાત કરવા ઊભા રહ્યા. સંતે કહ્યું, "તમે બધા હરિભક્તો મૂરખા છો એટલે દૂરથી ટાંટિયા તોડતા આવો છો. અમે જોડે રહીને જોઈએ છીએ. સ્વામીય મોટા અને એમના પોલ પણ મોટા." અભાવના ઢીલા શબ્દોએ તેમને દંઢાવ્યથી જૂનાગઢ ચાલીને આવ્યા હોવા છતાં સ્વામીનાં દર્શને ન જવા દીધા. સ્વામીને વાતની ખબર પડી તો કહ્યું, "ગયો... ગયો... ગયો... છ આંગળિયો ભટકાયો એટલે ગયો." વિષયનો યોગ જીવનું બગાડે છે એટલું જ હલકા શબ્દો જીવનું બગાડી નાખે છે. માટે એવાં ઢીલાં વચન બોલતા હોય તેનો સંગ ન કરવો.

**૩. અભાવ–અવગુણરૂપી કુસંગ**

શ્રીજીમહારાજે ગઢડા છેલ્લાના ૧૨મા વચનામૃતમાં કહ્યું છે, 'જેને ભગવાન અને મોટા સંતનો અવગુણ આવ્યો હોય એને હડકાયા શ્વાન જેવો જાણવો. તે સાથે જે હેત રાખે છે, તેની વાત સાંભળે છે તે વિમુખ સરખો થાય. એના હૃદયમાંથી આસુરી મતિ ક્યારેય ટળે જ નહીં. તેના જીવનો નાશ થઈ જાય.'

ગઢપુરના એભલખાચર જેમણે પોતાનું સર્વસ્વ મહારાજને અર્પણ કર્યું હતું. તેમના કાને કોઈએ અભાવના શબ્દો ઘાલ્યા, "એભલબાપુ, ધ્યાન રાખજો. તમારી દીકરીઓય જુવાન છે ને સ્વામિનારાયણ પણ જુવાન છે. એક ઘરમાં સાથે રહે છે. બહાર વાયકાઓ ફેલાઈ છે." "હેં એવું છે ?" એભલબાપુને અભાવના શબ્દો કાને પડતાં મનમાં તરંગો ઊઠ્યા. મહારાજ બાઈઓની સભામાંથી આવતા હતા ત્યાં તલવાર તાણી. પણ સણસણતો જવાબ આપ્યો હોત કે, "હેંડતો થા. મહારાજ તો અનંતકોટિ બ્રહ્માંડના ધણી છે. જેના સંબંધે અનંતને સ્ત્રી-પુરુષના ભાવ ટળી જાય એને વિષે સ્ત્રી-પુરુષના ભાવ ? ખબડદાર, જો એક શબ્દ પણ બોલ્યો છે તો ?" જો આવો જવાબ આપી દીધો હોત તો મહારાજનો અપરાધ ન થાત. સંગ કરવામાં બહુ વિવેકબુદ્ધિ રાખવી. કોનો સંગ કરવો-ન કરવો તે વિચારવું. જે મહારાજ અને મોટાપુરુષથી છેટા કરે એનું મોઢું ન જોવું.

ઈ.સ. ૧૯૪૫-૫૦ના અરસામાં સૌરાષ્ટ્રના મોટા માસિયાળા ગામના વતની લવજીભાઈ તેમના મિત્ર સાથે સરસપુર ટૅક્સ્ટાઈલ મિલમાં નોકરી માટે આવ્યા. સરસપુરની સાળવીવાળ પોળમાં બંને મિત્રો પરિવાર સાથે ભાડે રહેતા.

બાલ્યાવસ્થાના મંદિર દર્શનના નિયમ હોવાથી સરસપુર સ્વામિનારાયણ મંદિરમાં દરરોજ દર્શન કરવા જતા. એ વખતે સત્સંગ મહાસભાનો વિક્ષેપ ચાલતો હતો તેથી કાર્ય સત્સંગના કોઈ સંતે કાન ભંભેરી અભાવ ઘાલ્યો કે, "એ બાપાવાળા સાધુનું મંદિર છે, વિમુખ છે. ત્યાં ન જવાય." પણ દર્શનના નિયમના કારણે બંને મિત્રો દર્શન કરી સડસડાટ જતા રહેતા.

એક દિવસ સદ્. ઈશ્વરસ્વામીએ કહ્યું, "અલ્યા છોકરાઓ, રોજ દર્શન કરવા આવો છો તે સાધુને જય સ્વામિનારાયણ તો કહો." આ સાંભળી લવજીભાઈ સદ્‌ગુરુ તરફ બે ડગલાં વળ્યા. એ જ વખતે તેમના મિત્ર તેમનું કાંડું ઝાલી ખેંચીને બહાર લઈ ગયા અને વઢવા માંડ્યા. લવજીભાઈના અંતરમાં ખૂબ દુઃખ થયું. પણ મિત્રની મહોબતમાં લેવાઈ ગયા. પછી દરરોજ દર્શન કરવા જવા છતાં સદ્‌ગુરુને જય સ્વામિનારાયણ ન કરતા.

રિટાયર્ડ થયા પછી લવજીભાઈ ઘનશ્યામનગર મંદિર, ઓઢવની પાછળ વૃંદાવન સોસાયટી, બંગલા નં-૧૨માં રહેવા આવ્યા. દર્શન માટે ઘનશ્યામનગર મંદિરે દરરોજ આવતા. ગુરુદેવના અને અમારા (ગુરુજીના) સંપર્કમાં આવ્યા. એક દિવસ ગુરુદેવ પ.પૂ. બાપજીએ સમગ્ર અમીરપેઢીનો ખૂબ મહિમા ગાયો. સદ્. ઈશ્વરબાપા આવા સમર્થ છે એવી ખબર પડતાં ખૂબ પસ્તાવો કરવા માંડ્યા. ગુરુદેવની માફી માગી.

થોડા વખત પછી લવજીભાઈએ ગુરુદેવ પ.પૂ. બાપજીને પ્રાર્થના કરી, "દયાળુ, સેવકનો મિત્ર બાપુનગર રહે છે. તેને ૧૦ વર્ષથી પેરાલિસિસ છે. છોકરાઓએ ઘરની પાછળ પતરાંવાળી ઓરડીમાં ઘાલી મૂક્યા છે. કોઈ જમવાનું કે પાણી પણ સરખું આપતું નથી. ઝાડા-પેશાબ બધું પથારીમાં થતું હોવા છતાં ૧૫ દિવસ-મહિના સુધી કોઈ નવડાવતું પણ નથી. ગંધ મારે છે. કીડા ખદબદે છે. મને સમજાય છે આ બધું સદ્. ઈશ્વરબાપાના અપરાધનું જ ફળ છે. પણ હવે આપ પધારો અને એના જીવનો મોક્ષ કરો." ગુરુદેવે કહ્યું, "જાવ, પૂછતા આવો. હા પાડે તો અમે ઠાકોરજીને લઈને આવીએ." લવજીભાઈ તેમના મિત્રના ઘરે ગયા. પૂછ્યું તો કહ્યું, "ભલે હું રિબાતો પણ મારે એમનું મોઢું જોવું નથી."

લવજીભાઈ ઘરે આવી સૂતા ત્યારે મહારાજ, બાપા, બાપજીએ દર્શન આપી કહ્યું, "તને ભાન છે કે તારા ભાઈબંધે કેટલો અપરાધ કર્યો છે? એના માટે તો જુદી જમપુરી રચવી પડશે. માટે એના કલ્યાણનો સંકલ્પ ન કરીશ." લવજીભાઈએ સાંજે મંદિરે જઈ ગુરુદેવને બધી વાત કરી.

થોડા દિવસ પછી ઘનશ્યામનગર મંદિરે પ્રાતઃ સભા ચાલતી હતી. ૮:૫૦ મિનિટ થઈ હતી. ચાલુ કથાએ લવજીભાઈ અચાનક બેઠા બેઠા જ નમી ગયા ને મહારાજે મૂર્તિના સુખમાં મૂકી દીધા. તેમના મુખમાં છેલ્લી ચમચી જળ ગુરુદેવે અને અમે આપ્યું હતું. સેવકે તેમની નનામી ઉપાડી હતી. લવજીભાઈએ મોટાપુરુષને યથાર્થ ઓળખ્યા, દિવ્યભાવે સેવ્યા તો તેમની અંતિમ ક્ષણો કેવી? ૨૨ સેકન્ડ પણ ન થઈ. જ્યારે તેમના મિત્ર ૨૨ વર્ષ એ જ સ્થિતિમાં રિબાયા. માટે મહારાજને દરરોજ પ્રાર્થના કરવી,

"તમારી ને તમારા મોટા મુક્તની; ક્રિયામાં મુને સંશય ન થાય...
એ વર મુને આપજો."

પાંચ માળા, પાંચ સાધન ઓછાં થશે તો ચાલશે પરંતુ મહારાજ અને મોટાપુરુષનો અપરાધ ન થઈ જાય તેથી ડરજો.

આમ, આ ત્રણ કુસંગ અંતઃકરણ ભ્રષ્ટ કરે છે અને જીવનું બગાડી નાખે છે. માટે તેનો ત્યાગ કરીએ; મોટાપુરુષનો ને એમની મરજીનો સંગ કરીએ. ચોથો કુસંગ આવતા અંકમાં સમજીશું.

(ક્રમશઃ)


**GHANSHYAM**

10 July, 2024 • Year : 49 • Edition : 07

પ્રકાશક : સાધુ ભક્તવત્સલદાસ
મુદ્રક : સાધુ પૂર્ણસ્વરૂપદાસ
માલિક : સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS)
મુદ્રણ : વાઈબ્રન્ટ ઈમેજ, અમદાવાદ
આદ્ય સ્થાપક : શુદ્ધ ઉપાસના પ્રવર્તક
અ.મુ. સદ્. શ્રી દેવનંદનદાસજી સ્વામીશ્રી
(ગુરુદેવ પ.પૂ. બાપજી)
પ્રેરક : પ.પૂ. અ.મુ. સદ્. શ્રી સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રી
(ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી)
તંત્રી : નરેન્દ્રભાઈ આર. ત્રિવેદી
સહતંત્રી : સાધુ રાજીપાસ્વરૂપદાસ
સંપાદક : સાધુ નિર્ગુણજીવનદાસ
લેખનકાર્ય : લેખકવૃંદ


**ઘનશ્યામ**

૧૦ જૂલાઇ, ૨૦૨૪ ● વર્ષ : ૪૯ ● અંક : ૦૭

સને ૧૯૭૬, જાન્યુઆરી માસથી પ્રારંભ પામેલ આ 'ઘનશ્યામ' સામયિક એ કારણ સત્સંગના જ્ઞાન, ઉપાસના અને સિદ્ધાંતોની પુષ્ટિ કરતું એસ.એમ.વી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે જે દર માસની દસમી તારીખે પ્રકાશિત થાય છે.

**પત્રવ્યવહાર માટેનું સરનામું :**
ઘનશ્યામ કાર્યાલય, સ્વામિનારાયણ ધામ
કોબા-ગાંધીનગર હાઈવે, ગાંધીનગર-૩૮૨૪૨૧
Visit us : www.smvs.org
Email : magazine@in.smvs.org કુલ પેજ : ૪૦ + ૪ ટાઈટલ = ૪૪

**ઘરે બેઠા ઑનલાઇન ઘનશ્યામ મેળવવા માટે આપનું નામ, સેન્ટર તથા વૉટ્સએપ નંબર આજે જ વૉટ્સએપ કરો :**
**૯૪૦૮૩૨૦૦૩૬**



સત્પુરુષ,
મોટાપુરુષ,
મુક્તપુરુષ,
અનાદિમુક્ત,
સિદ્ધમુક્ત કે
સ્થિતિવાળા...
એમ છે નામ જૂજવાં,
પણ અંતે
હેમનું હેમની જેમ
બધાય શબ્દો એકબીજાના પર્યાય છે.
"સત્પુરુષ..."
ગરિમાયુક્ત અદ્ભુત શબ્દ છે.
જે શ્રીજીમહારાજના મુખકમળેથી,
અતિ પ્યારથી નિઃસૃત થયેલો ને વચનામૃત ગ્રંથના,
અનેક પાને અંકિત થયેલો મીઠો-મધુરો શબ્દ છે !
મહારાજે સંપ્રદાયમાં સત્પુરુષને કાંઈક આગવું,
વિશિષ્ટ ને અવલ સ્થાન બક્ષ્યું છે.
ને વળી,
સત્પુરુષ સંપ્રદાયનું આભૂષણ છે.
સત્પુરુષ સત્સંગની જનેતા છે.
સત્પુરુષ મોક્ષનું દ્વાર છે.
સત્પુરુષ જંગમ તીર્થ છે.
સત્પુરુષની જરૂરિયાત શું ??

સુંદર મકાનમાં દરવાજાની જરૂર શી ? દરવાજા વગર મકાનમાં પ્રવેશ જ ન મળે.

બહુમાળી કોલેજમાં પ્રોફેસરની જરૂર શું ? પ્રોફેસર વગર વિદ્યા પ્રાપ્ત ન જ થાય.

અત્યાધુનિક સાધનો ધરાવતી હૉસ્પિટલમાં ડૉક્ટરની જરૂર શું ? ડૉક્ટર વગર ન જ ચાલે.

દરવાજા વિનાનું મકાન, પ્રોફેસર વગરની કૉલેજ તેમજ ડૉક્ટર વગરની હૉસ્પિટલની કોઈ જ કિંમત નથી, કોઈ મૂલ્ય નથી. તેમ સત્પુરુષ એ સત્સંગનો આત્મા છે. સત્પુરુષ વગરના સત્સંગનું કોઈ મૂલ્ય નથી.

તીન લોક નૌ ખંડ મેં, ગુરુ સે બડા ન કોઈ, કરતા કરે કરી ન શકે, ગુરુ કરે સો હોય.

જેને કશું જ મળ્યું નથી ને સત્પુરુષ મળ્યા છે તેને શું નથી મળ્યું ?? બધું જ મળ્યું છે... એનાં સર્વે કાજ સરે છે.

સત્પુરુષનું આટલું બધું મૂલ્ય કેમ છે ?? એટલા માટે કે, સત્પુરુષના સંપૂર્ણ કર્તા શ્રીજીમહારાજ છે.

આવા સત્પુરુષને શોધવા ક્યાં ?? ને શોધવાથી મળે ?

આહાહા... ઓહોહો... આપણે કેટલા બધા કૃપાવંત છીએ કે આપણને એકના બદલે બે બે સત્પુરુષની ભેટ મહારાજે આપી દીધી છે...!!

સત્પુરુષનો ભેટો, એમની ઓળખ, એમની પ્રાપ્તિ, એમનો સંગ, એમનો જોગ, એમનો સહવાસ, એમની સેવા એ બુદ્ધિથી, આવડતથી, પૈસાથી, કોઈ દાખડાથી કે કોઈ સાધનથી થતી નથી. તે બધું જ કેવળ કૃપાથી શક્ય બને છે. એટલે સત્પુરુષ એ માત્ર ને માત્ર કૃપાથી જ પ્રાપ્ય બને છે. શ્રીજીમહારાજનું આ બ્રહ્માંડમાં નિરંતર ને નિતાંત વહેતું કૃપાનું ઝરણું એટલે જ 'સત્પુરુષ'.

# અધ્યાત્મના સુમેરુ : સત્પુરુષ


ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી એ શ્રીજીમહારાજે સંપ્રદાયને બક્ષેલી સત્પુરુષની અજોડ જોડ છે. સત્પુરુષ તરીકેના એક નહિ, અનેક ગુણો સહેજેજ એમની હરએક ક્રિયામાંથી નિરંતર નિષ્પાદિત થાય છે! દર્શિત થાય છે! જેને અનુભવીને એવા દિવ્ય સત્પુરુષ પર વારી વારી જવાતું હોય છે, ત્યારે એમનું ગૌરવ રાખવું પડતું નથી. સહેજે જ ગૌરવ પ્રગટે છે. એવા દિવ્યપુરુષની દિવ્ય અસ્મિતા હૈયે અંકિત કરવી પડતી નથી; પરંતુ રૂવે રૂવે પ્રગટી જાય છે.

આજે સમગ્ર સ્વામિનારાયણ સંપ્રદાયની જેમની સામે મીટ મંડાયેલી છે એવા સંપ્રદાયની સંજીવની સમાન ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીનું આજે એસ.એમ.વી.એસ. પરિવારને સાંનિધ્ય મળ્યું છે. એમાંય ગુરુપૂર્ણિમાનો સપરમો અવસર આવે ત્યારે આપણા સૌ શિષ્ય સમાજના હૈયે ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી પ્રતિ પ્રાર્થના થઈ જાય કે,

"મમ અસ્તિત્વને તુજમાં ઓગાળું,
તવ અસ્તિત્વને મારું બનાવું;
અનંત બ્રહ્માંડોમાં મહિમા ખૂબ ગાવાના,
ઋણમાંથી અમે કદી મુક્ત નહિ થાવાના.
આ સેવક તમારા છે, તમારા રહેવાના."

ગુરુપૂર્ણિમાના અવસરે ગુરુમહિમા ગાવા, ઋણ અદા કરવા શિષ્યનું હૈયું થનગની ઊઠે છે, ગુરુપૂજન કરવા તત્પર બની જાય છે. પરંતુ સાચું ગુરુપૂજન કેવી રીતે થાય ? ગુરુજી સાથે કેવી પ્રીતિ, આત્મબુદ્ધિના નાતે જોડાઈએ તે આપણું સાચું શિષ્યત્વ કહેવાય ?

આવો, ગુરુપૂજનની રીત અને શિષ્યત્વ કેળવવાના ઉપાયરૂપ ચાવીઓ પ્રસ્તુત વિશેષાંકમાંથી શીખી ગુરુપૂર્ણિમા પર્વને હર્ષોલ્લાસ સાથે ઊજવીએ.





# કરીએ સાચું ગુરુપૂજન

ઉદિત પ્રકાશ તિમિરનો નાશ કરે છે અને ચોમેર અજવાળું પાથરે છે. માનુષી જીવનની પથકેડીમાં પણ ગુરુ ‘ગુ’ નામરૂપી તિમિરનો (અંધકારનો) પ્રલય કરી ‘રુ’ નામરૂપી પ્રકાશ પાથરે છે તથા અજ્ઞાનરૂપી ‘તમ’ને (અંધકારને) તોડી જ્ઞાનરૂપી અજવાળાં પાથરે છે.

લૌકિક અને દૈહિક સુખાકારી માટે કે જગતલક્ષી જ્ઞાન મેળવવા માટે પણ ગુરુ ફરજિયાત છે. લૌકિક ને દુન્યવી માર્ગમાં પણ ગુરુની આવશ્યકતા હોય તો પછી આધ્યાત્મિક માર્ગમાં સંસારસાગર તરવા અને જીવાત્માનો મોક્ષ કરવા માટે તો ગુરુની જરૂર પડે જ.

ગુરુ (સત્પુરુષ) એ જ મોક્ષનું દ્વાર છે. ગુરુ એ આત્માનો પરમાત્માની સાથે સંબંધ કરાવતો સેતુ છે. GEB કે Torrent Powerમાંથી આવતી હાઈ પાવરની લાઇનમાંથી સીધું ઘરમાં કનેક્શન ન લેવાય. અને જો લઈએ તો ઘરમાં રહેલાં ફ્રિજ, **A.C.**, ગીઝર જેવા તમામ ઇલેક્ટ્રિક સાધનોને નુકસાન થાય છે. કારણ કે આ સંસાધનોની ક્ષમતા આ હાઈ વોલ્ટેજનો ડાઇરેક્ટ પાવર ખમવાની નથી. પરંતુ જો આ જ પાવરને કોઈ પણ માધ્યમ દ્વારા ઓછા પાવર સાથે ઘરમાં લાવવામાં આવે તો તે જ પાવર તમામ સાધનો અને ઘરમાં રહેનાર સભ્યો માટે સુખદ બની રહે છે. આધ્યાત્મિક માર્ગમાં પણ આવું જ કંઈક છે. અધ્યાત્મ માર્ગનો મુખ્ય ને અંતિમ ધ્યેય છે મૂર્તિ અને મૂર્તિનું સુખ. આ મૂર્તિનું સુખ ડાઇરેક્ટ જીવાત્મા પામી શકે એમ જ નથી. કારણ કે સુખ પામનાર આત્મા એ પરમાત્માથી (મૂર્તિથી) સંપૂર્ણ વિજાતિ છે. પરંતુ ગુરુ (મોટાપુરુષ) એ જ ચૈતન્યને ઘડીને પાત્ર કરે છે અને મૂર્તિના સુખને લાયક બનાવે છે. ગુરુ (મોટાપુરુષ) વગર મૂર્તિનું સુખ લેવું એ કોટિ કલ્પે પણ શક્ય નથી. માટે અધ્યાત્મ માર્ગની યાત્રા ગુરુરૂપી દ્વારથી જ શરૂ થાય છે અને પૂર્ણ થાય છે.

જીવાત્માને અનાદિકાળથી લાગેલા માયાના પાસને તોડાવી આત્મા-પરમાત્માનું સાચું જ્ઞાન કરાવી છેક મૂર્તિના સુખ સુધી પહોંચાડે તે જ સાચા ગુરુ છે. અને તેમનું શરણું સ્વીકારવું એ જ જીવનની સૌથી મોટી સાફલ્યતા છે. પણ એ પૂર્વે સાચા ગુરુને ઓળખવા જરૂરી છે. એ માટે ગુરુના ચાર પ્રકાર સમજીએ.

---

**ગુરુના ચાર પ્રકાર છે :**

**૧. પાણગુરુ :** પાણ કહેતાં પથ્થર અર્થાત્ પથ્થર જેવા ગુરુ. પથ્થર પાણીમાં ડૂબી જાય. તેની પર વસ્તુ મૂકીએ તો એ પણ ડૂબી જાય. તેમ પાણગુરુ એટલે જે પોતે પણ જન્મમરણરૂપી ભવસાગર ન તરે અને શરણે આવનારને પણ ન તારે. પાણગુરુ એટલે દેહરૂપ ગુરુ. જેને હજુ ગુરુ પદને પાત્ર થવાનું બાકી છે. આવા ગુરુનો પોતાનો મોક્ષ પણ ન થાય ને શરણે આવનારનો પણ ન થાય.

**૨. પાનગુરુ :** પાંદડા જેવા ગુરુ. આવા ગુરુ મુમુક્ષુ હોય, ભગવાન પામવાની ઇચ્છા હોય પણ કોઈ તેમને ન માને ત્યાં સુધી ચાલે. જો ૫-૨૫ ચેલા થાય, માન-સન્માન કે વિષયનો યોગ થાય તો તેમનું ઠેકાણું ન રહે, ધ્યેય ચૂકી જાય. પાંદડું પાણીમાં પોતે તો તરી જાય પણ જો તેનો કોઈ સહારો લે તો પોતે પણ ડૂબે અને બીજાને પણ ડુબાડે. તેમ પાનગુરુ એટલે કે જે જ્ઞાન-સાધનાએ કરી કદાચ પોતે તરી શકે, પરંતુ સંસારસાગરને તરવાના જ હેતુથી જો કોઈ એમનું શરણું સ્વીકારે તો પોતે પણ ડૂબે ને શરણાગતને પણ ડુબાડે.

**3. વહાણગુરુ :** વહાણ જેવા ગુરુ. નાવ પોતે તરે ને તેમાં બેસે તેને પણ તારે. પરંતુ તેની ક્ષમતા મુજબ મર્યાદિત સંખ્યાને તારે છે. એમ જે ગુરુ પોતે મોક્ષ માર્ગે ચાલ્યા હોય અને એમના સંગમાં આવનાર જૂજ સમાજને મોક્ષ માર્ગે આગળ વધારી શકે તેને વહાણગુરુ કહેવાય. આવા ગુરુ દેહથી પૃથક્ વર્તતા હોય પણ અનાદિની લટક હાથ ન આવી હોય અથવા તો લટક સંપૂર્ણપણે દૃઢ ન કરી હોય. તે વહાણગુરુ પણ વધુ પડતી પ્રસિદ્ધિ મળે તો ડગી જાય.

**૪. પૂર્ણગુરુ :** પૂર્ણમાં પૂર્ણ સ્વરૂપ તો એકમાત્ર શ્રીજીમહારાજ જ છે. એ શ્રીજીમહારાજ જ અનંત જીવના કલ્યાણને અર્થે જેના દ્વારા કાર્ય કરતા હોય તેવા સત્પુરુષને પૂર્ણગુરુ કહેવાય. આવા ગુરુ પોતે ભગવાન નથી પરંતુ પોતે મૂર્તિમાં જ રહે છે અને એમના સંપૂર્ણ કર્તા મહારાજ છે. જે તેમની સાથે જોડાનાર હજારો-લાખોનાં; અરે, અનંત જીવોનાં કલ્યાણ કરે.

શ્રીજીમહારાજની આજ્ઞા-ઉપાસનામાં અવલ હોય, જેના સંપૂર્ણ કર્તા શ્રીજીમહારાજ જ હોય, જે પોતે કદી ભગવાનની પદવીને ન ઇચ્છે ને સેવક જ બનીને રહે તેવા સત્પુરુષને ઓળખવા અને તેમને પોતાના ગુરુ તરીકે સ્વીકારવા.

સાચા સત્પુરુષની પરખ કરવામાં બીજું કાંઈ ન સમજાય તો કાંઈ નહિ પરંતુ મોટા સંતો કહેતા તે બે બાબતનાં દર્શન જેમનામાં થતાં હોય તેમને પોતાના પ્રાણ સમર્પિત કરી તેમનું શિષ્યત્વ સ્વીકારી લેવું જોઈએ. આવો, એ બે બાબતને સમજીએ.

**૧. સત્પુરુષને સત્પુરુષે જ પ્રમાણ કર્યા હોય.**

શ્રીજીમહારાજે અંતિમ મંદવાડ ગ્રહણ કર્યો હતો ત્યારે કચ્છના હરિભક્તો ગઢપુર દર્શને ગયા હતા. એ વખતે સ્વયં શ્રીજીમહારાજે પ્રેમીભક્તોને આશીર્વાદ આપેલા કે, ‘અમે

અમારા મુક્ત દ્વારે કચ્છમાં પ્રગટ થઈશું.' એ ન્યાયે બળદિયા ગામના દેવબાઈને દર્શન દઈ વર દીધો કે, ‘‘તમારે ત્યાં અમારા જેવા જ અમારા મુક્ત પ્રગટ થશે. જે અબજોને મૂર્તિમાં રાખશે માટે તેમનું નામ અબજીભાઈ રાખજો.'' આ અબજીબાપાશ્રીના ‘આધા હમારા, આધા તુમ્હારા'ના આશીર્વાદે નળકંઠાના વાસણ ગામે જેઠાભાઈના ઘરે તા. ૧૩-૩-૧૯૩૩ના રોજ મુક્તરાજ દેવુભાઈ અર્થાત્ આપણા વ્હાલા ગુરુદેવ પ.પૂ. બાપજીનું પ્રાગટ્ય થયું.

ગુરુદેવે પોતાના સંકલ્પોને વેગવંતા બનાવવાના પૂર્વાપર આયોજન રૂપે પોતાના ગુરુ અ.મુ. સદ્. શ્રી મુનિસ્વામી પાસે દદુકાના કેશવલાલભાઈને ‘આધા હમારા, આધા તુમ્હારા'ના આશીર્વાદ અપાવી વ્હાલા ગુરુજીને માગી લીધા હતા. સદ્. મુનિબાપાના આશીર્વાદે પ્રગટ થયેલા વ્હાલા ગુરુજીને સ્વયં શ્રીજીમહારાજે મૂર્તિમાંથી પ્રગટ થઈ દીક્ષા આપી આશીર્વાદ આપેલા છે કે, ‘‘જાવ, તમે જીવોના મોક્ષસંબંધી જે સંકલ્પ કરશો તે સાકાર થશે માટે તમારું નામ સત્યસંકલ્પદાસજી રહેશે.''

વળી, ગુરુદેવ પણ વારંવાર ગુરુજીનો મહિમા ગાતા થાકતા નહીં. ઈ.સ. ૨૦૧૩માં ગુરુદેવ પ.પૂ. બાપજી સાધક તાલીમ કેન્દ્રની સભામાં સમર્પિત મુક્તોને સ્વામિનારાયણ ધામ પર લાભ આપવા પધાર્યા હતા. ત્યારે કહ્યું હતું કે, ‘‘આ સ્વામી તો મહારાજના ધામમાંથી આવેલા છે. આપણા સત્સ્વામીમાં સત્પુરુષના તમામ લક્ષણોનાં દર્શન થાય છે. સ્વામી તો અનંતને મૂર્તિનું સુખ આપવા પધાર્યા છે. એમને રાજી કરજો. એમના જેવા ગુણ શીખજો. એમના વિષે દિવ્યભાવ હશે તો ભૂંડો ઘાટ પણ નહિ થાય અને એમનામાં મનુષ્યભાવ પરઠ્યો તો દોષો સારી પેઠે કરડી ખાશે. કારણ કે સ્વામીને મહારાજ સાથે એકતા છે.'' આમ, મોટા જ મોટાને ઓળખી-ઓળખાવી શકે. મોટા મોટાએ જેમને પ્રમાણ કર્યા હોય એનાથી મોટું પ્રમાણ બીજું કયું હોઈ શકે? આમ, આ લક્ષણ સત્પુરુષની સાચી ઓળખ છતી કરે છે.

**૨. પોતાના ગુરુમાં ડૂબીને વર્તતા હોય.**

ગુરુદેવ પ.પૂ. બાપજીએ એસ.એમ.વી.એસ. સંસ્થાનું શૂન્યમાંથી સર્જન કર્યું હોવા છતાં સઘળો યશ ગુરુચરણે સમર્પિત કરતાં કહેતા, ‘‘આ બધી લીલીવાડી મુનિબાપાનો પ્રતાપ છે.''

વ્હાલા ગુરુજી સંત દીક્ષા લીધા બાદ સંસ્થાના તમામ આધ્યાત્મિક, વ્યવહારિક કાર્યોનો વિકાસ પોતે આગળ રહી કરતા-કરાવતા અને આજે પણ કરે છે છતાં કદી પોતાના શિરે યશ લીધો જ નહીં; ગુરુદેવના ચરણે જ ધર્યો.

ઈ.સ. ૧૯૮૭ પછી સંસ્થાનો બહોળો વિકાસ થયો. ભાવનગરમાં આપણું મંદિર થયા પૂર્વે ગુરુજી ભાવનગર વિચરણ દરમ્યાન અન્ય સંસ્થાનું એક મંદિર રસ્તામાં આવતાં ત્યાં ઠાકોરજીનાં દર્શન કરવા પધારેલા. મંદિરમાં સેવા સંભાળતા વડીલ સંતે તેમના ગુરુને વ્હાલા ગુરુજીની ઓળખાણ આપતાં કહ્યું કે, ‘‘આ સ્વામી સી.એ. ભણેલા છે. દેવસ્વામીના આ પટ્ટશિષ્ય છે.'' આ સાંભળી તેમના ગુરુએ કહ્યું, ‘‘હા, સંસ્થામાં ભણેલા-ગણેલા સંતો આવ્યા એટલે સંસ્થાનો વિકાસ ખૂબ થયો.'' ત્યારે ક્ષણનોય વિલંબ કર્યા વિના ગુરુજી બોલ્યા, ‘‘સ્વામી, રાજી રહેજો. અમારા જેવા ભણેલા સંતોને લઈ સંસ્થાનો વિકાસ નથી થયો પરંતુ અમારા ગુરુ પ.પૂ. બાપજી સત્પુરુષ છે એટલે એમના સામર્થ્ય અને પ્રભાવથી સંસ્થાનો વિકાસ થયો છે.''

આજે ગુરુદેવ પ.પૂ. બાપજી અંતર્ધાન થયા પછી પણ પોતે તો ગુરુદેવ પ.પૂ. બાપજીના સ્વરૂપમાં ડૂબીને જ વર્તે છે. સંપ્રદાયની રીતિ છે કે, જે ગુરુ જે મુમુક્ષુને દીક્ષા આપે તેની પાછળ દીક્ષાગુરુનું નામ જ હોય. જ્યારે એસ.એમ.વી.એસ. સંસ્થામાં ગુરુજીએ આજે અને ભવિષ્યમાં જે કોઈ સંત થાય તેમની પાછળ ગુરુદેવ પ.પૂ. બાપજીનું નામ જ ગુરુ તરીકે રહેશે એવું બંધારણમાં લખાવી દીધું છે. બધા ગુરુદેવ પ.પૂ. બાપજીના જ શિષ્ય; અમારા કોઈ નહીં. દરેક શિષ્ય વર્ગને ગુરુ સ્વરૂપમાં ડૂબીને વર્તવાની કેવી કલ્પનાતીત રીત શીખવી રહ્યા છે !!!

આમ, આપણે જેમને ગુરુ તરીકે સ્વીકાર્યા છે તેઓ પોતાના ગુરુમાં ડૂબીને વર્તે છે ? આટલું તપાસતા જ ગુરુની પરખ થઈ જાય. કારણ કે પૂર્ણગુરુ કહેતાં સાચા સત્પુરુષની પરખનું આ જ સૌથી મોટું માપદંડ છે, મૂળભૂત લક્ષણ છે.

વર્તમાનકાળે સમગ્ર એસ.એમ.વી.એસ. પરિવાર ઉપર શ્રીજીમહારાજની કૃપાનું અવિરત ઝરણું વહી રહ્યું છે. પરિણામે આપણને સૌને ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી જેવા દિવ્ય સત્પુરુષ ગુરુ સ્વરૂપે મળ્યા છે.

સદ્. ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે કે,

‘‘લાખમાં લાધે નહિ અને કરોડમાં હોય કોક અને જો એવા મળી જાય તો કરી લેવો તેમનો પૂરેપૂરો જોગ.''

મોટાપુરુષ મળ્યા પછી ખરેખર તેમનો જોગ ક્યારે કર્યો

કહેવાય ? એમની જોડે કેવી રીતે રહીએ તો સાચા અર્થમાં ગુરુના શિષ્ય બન્યા કહેવાઈએ ? એવા કયા દિવ્ય આચાર-વિચારમાં રહીએ, વર્તીએ તો એમના ઋણમાંથી મુક્ત થઈ શકાય અને સાચા અર્થમાં તેમનું પૂજન કર્યું કહેવાય ?

**૧. ગુરુના સંકલ્પો, સિદ્ધાંતો, ગમતું જ્યારે આપણું થઈ જાય.**

ગુરુદેવ પ.પૂ. બાપજીના જીવનમાં દર્શિત થતી ઉપાસના અને નિષ્ઠાની અજોડતા, સિદ્ધાંત અને ધર્મ-નિયમપાલનની કટિબદ્ધતા, શ્રીજીમહારાજની રુચિ-અરુચિના સ્પષ્ટ ખ્યાલો આપણા કરવા તથા એમનું જેવું વર્તન છે તેવું જ વર્તન આપણું કરવું તથા એમના જેવા આગ્રહો છે તેવા આપણા કરવા.

ગુરુદેવ પ.પૂ. બાપજી સળંગ ૬-૬ કલાક નિષ્ઠા-ઉપાસનાની વાતો કરતા એવા સિદ્ધાંત પ્રવર્તનના આગ્રહનાં દર્શન ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીના જીવનમાં હરપળ, હરક્ષણ થાય.

તા. ૨૫-૧૨-૨૦૨૩ના દિવસે ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ તલોદના હિરેનભાઈ, તેમના પિતા બાબુભાઈ અને મામા નટુભાઈ તથા રાજકોટના હાર્દિકભાઈ કોટેજા, પૂનાના મિલનભાઈ પૂજારા આદિક સાત હરિભક્તોને સાંજે ૫થી રાત્રે ૧૧ વાગ્યા સુધી સતત શ્રીજીમહારાજની ઉપાસનાની ઊંચી વાતો કરી નિષ્ઠાની દઢતા કરાવી હતી. ગુરુદેવના જેવો જ સિદ્ધાંત પ્રવર્તનનો આગ્રહ ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીનો છે. એવો જ આગ્રહ આપણા જીવનમાં કેળવીએ અને ગુરુપૂર્ણિમા નિમિત્તે સાચું ગુરુપૂજન કરીએ.

**૨. ગુરુને શોભાડે એવું આપણું જીવન કરવું.**

એક શ્રેષ્ઠ ગુરુના શિષ્ય તરીકે આપણું જીવન પણ શ્રેષ્ઠ જોઈએ. જેને જોઈ સત્સંગી કે બિનસત્સંગી પ્રેરણાનાં પીયૂષ પીવે; જેનાં દર્શને પણ મુમુક્ષુનું હૈયું ઠરે એવો શિષ્ય મહારાજના સંબંધથી સંબંધિત હોય. એનું ભર્યું જીવન હોય કે જેના જીવનને જોઈ સૌને આકર્ષણ થાય ને પોતાના ગુરુનું શોભે.

તા. ૨૩-૬-૨૦૨૪ના રોજ ઈન્ટરનૅશનલ ટ્રેનર ગુરુપ્રકાશ ઐયર એસ.એમ.વી.એસ.ના એક પ્રોગ્રામમાં ટ્રેનિંગ આપવા આવ્યા હતા. તે દરમ્યાન તેમણે એક વાત કરી કે, “મારા એક ખાસ મિત્ર અલ્કેશભાઈ રાજપૂત સાથે હું ઈ.સ. ૧૯૯૭થી કૉન્ટેક્ટમાં છું. એ વખતનું તેમનું જીવન, જીવનશૈલી અને વર્તમાન સમયે તેમનું જીવન જોતાં મને ખૂબ આશ્ચર્ય થાય છે. તે એક મોટી કંપનીના **CEO** છે. મોટી મોટી મિટિંગોમાં અમે ભેગા થઈએ, બધા સાથે ડિનર લેતા હોય છતાં તે જમે તો નહિ પણ ત્યાંનું પાણી સુધ્ધાં ન લે. અરે એના જીવનમાં પણ ખાસ્સી આધ્યાત્મિકતા દેખાય. આખો જ બદલાઈ ગયેલો જોઈ મેં એક દિવસ પૂછ્યું કે, અલ્કેશ, તારા જીવનમાં આટલા બદલાવનું કારણ શું ? ત્યારે કહે, આજે હું જે કાંઈ છું તે મારા ગુરુ પ.પૂ. સ્વામીશ્રીને લઈને છું. એમના થકી મને આ બધી પ્રેરણા મળી છે. આ સાંભળી મને ગુરુજીને વિષે ખૂબ અહોભાવ થયો કે એને કેવા ગુરુ મળ્યા છે !” એટલું બોલતાં તેઓ બે હાથ જોડી ગુરુજીને વંદન કરવા લાગ્યા અને કહ્યું, “ગુરુજી હું ટ્રેનિંગ ફિલ્ડમાં છું, તેમાં મારા તે ફિલ્ડના ગુરુ કહો કે મેન્ટર તરીકે હું અન્યને માનું છું ને ફોલો થઉં છું. પરંતુ મારા આધ્યાત્મિક જીવનના ગુરુ હું તમને માનું છું. આધ્યાત્મિક બાબતમાં હું આપને ફોલો કરું છું.” ગુરુજીને વિષે અતિશે અહોભાવ થયો હોવાથી જ તેઓ એસ.એમ.વી.એસ.માં ટ્રેનિંગ આપવા આવ્યા હતા. અલ્કેશભાઈનું જીવન જોઈ તેઓ ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીથી પ્રભાવિત થયા; ગુરુજીનો ગુણ આવ્યો; આ ગુરુનું શોભાડ્યું કહેવાય. આવી રીતે આપણા જીવન, વર્તને કરી ગુરુજીનું શોભાડીએ એ જ સાચું ગુરુપૂજન.

**૩. ગુરુને વિષે દિવ્યભાવ અને નિર્દોષબુદ્ધિ કરવી.**

માનવનિર્મિત સાકરના ગાંગડામાં ખારાશ કે તીખાશ હોતી નથી તો સત્પુરુષ એ તો મહારાજે આપેલી પરભાવની ભેટ છે. તેમાં તો આ લોકનો કે માયાનો કોઈ પ્રાકૃતભાવ હોય જ ક્યાંથી ? પ્રથમ પ્રકરણના ૬૭મા વચનામૃતમાં પણ સદ્. મુક્તાનંદ સ્વામીએ સત્પુરુષને વિષે દિવ્યભાવની રીત શીખવી છે કે, “જેને આ લોકના સુખમાં ઈચ્છા નથી એવા સત્પુરુષ છે તેને વિષે દેવની બુદ્ધિ રાખે અને જે વચન કહે તે સત્ય માને ને તે પ્રમાણે વર્તે તો એ સત્પુરુષના ગુણ હોય તે મુમુક્ષુમાં આવે.” અર્થાત્ એમના વચનમાં, ક્રિયામાં દિવ્યભાવ રાખવો એ સાચું ગુરુપૂજન છે. ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ ગુરુદેવ પ.પૂ. બાપજીને સદા દિવ્યભાવ અને નિર્દોષબુદ્ધિએ જ સેવ્યા છે.

ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી કાયમ કહેતા હોય છે કે, “અમે ગુરુદેવ પ.પૂ. બાપજીના ક્યારેય બાપજી રૂપે દર્શન કર્યાં જ નથી. તેઓ નિરંતર મહારાજની મૂર્તિમાં રહે છે. તેમના સંપૂર્ણ કર્તા મહારાજ છે. તેથી મહારાજના ભાવે દર્શન કર્યાં છે.”

ઈ.સ. ૨૦૦૭માં ગુરુદેવ પ.પૂ. બાપજીએ અવરભાવમાં હૃદય લીલા ગ્રહણ કરી હતી. બોપલ ક્રિષ્ના હૉસ્પિટલ ખાતે

સર્જરી બાદ ગુરુદેવને થોડા દિવસ રાખ્યા હતા. આ સમયે ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી બે મહિના બધું વિચરણ તથા સંસ્થાકીય પ્રવૃત્તિને ગૌણ કરી ગુરુદેવની સેવામાં આવી ગયા હતા. ક્રિષ્ના હૉસ્પિટલથી પૂ. સંતોના ઉતારાનું સ્થળ બે કિ.મી. દૂર હતું. તેમ છતાં ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી સ્વયં પોતે ભોજન લઈ ચાલતાં હૉસ્પિટલ ગુરુદેવને જમાડવા જતા. કારણ, પૂ. સંતોના નિયમ મુજબ એંઠી રસોઈ લઈ ગાડીમાં ન જવાય. સંતો પ્રાર્થના કરતા : "દયાળુ, આપ આટલું ઊંચકીને ન ચાલો. અમે લાવીએ, આપ પીરસજો." તેમ છતાં ગુરુજી કોની સેવા છે ? એવા દિવ્યભાવે સેવા કરતા.

ગુરુદેવ પ.પૂ. બાપજીએ સંત દીક્ષા લીધા બાદ જીવનમાં કથાવાર્તા કરવામાં એક દિવસ રજા રાખી ન હતી. પરંતુ બાયપાસ સર્જરીના કારણે ગુરુદેવને વિચરણ, કથાવાર્તા બંધ થઈ તે પોષાતું ન હતું. તેઓ અતિશે નારાજગી દર્શાવતા. ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી ભોજન લઈ ગુરુદેવને પીરસવા પધારતા ત્યારે નારાજ થઈ આકરા શબ્દોમાં ખૂબ વઢતા કે, "હું ના પાડતો હતો તોય તેં પરાણે ઑપરેશન કરાવ્યું. આ મારું બધું વિચરણ બંધ પાડ્યું. આવું બેસી રહેવું મને ના પાલવે. મહારાજના ગુનેગાર થવાય. મને તો બેસાડી રાખ્યો છે ને તુંય બેસી રહ્યો છે." એમ ઘણી ઘણી આકરા શબ્દોની પ્રસાદી ગુરુદેવ આપતા. તેમ છતાં ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી મહારાજના ભાવથી દિવ્યભાવે ગુરુદેવ પ.પૂ. બાપજીને રાજી કરતા, જમાડતા. નાનામાં નાની સેવા પોતે જાતે કરતા. ગુરુદેવની માનુષી લીલામાં કોઈ તર્ક નહીં. કોઈ ભાવફેર નહીં. ગુરુદેવને વિશેષ રાજી કરવા આખો દિવસ ખડે પગે સેવામાં રહેતા અને રાત્રે ૯ વાગ્યે ગુરુદેવ પોઢી જાય પછી અમદાવાદના અન્ય સેન્ટરોમાં રાત્રિ સભા માટે પધારી સમાજને પણ ખૂબ બળિયો કરતા. સાથે રહેલા સંતો-હરિભક્તોને પણ ગુરુદેવ પરભાવી દિવ્ય સત્પુરુષ છે એવો દિવ્યભાવ અને નિર્દોષબુદ્ધિ દૃઢ કરાવતા. હવે ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીને વિષે સદા દિવ્યભાવ અને નિર્દોષબુદ્ધિ રાખી આપણે સાચું ગુરુપૂજન કરીએ.

**૪. મોટાપુરુષને આપણા વિષે નિઘડકપણું અપાવવું.**

મોટાપુરુષ આપણને ગમે ત્યારે, ગમે તેની વચ્ચે, ગમે તેવું કહી શકે એવું નિધડકપણું અપાવવું. 'આને જે કહેવું હોય તે કહેવાય જ' — આવો વિશ્વાસ મોટાપુરુષને અપાવવો. એ વિશ્વાસ જ આધ્યાત્મિક પ્રગતિનો રાજમાર્ગ ખુલ્લો કરી આપે છે.

બોટાદના શિવલાલભાઈએ સદ્. ગુણાતીતાનંદ સ્વામીને આવો વિશ્વાસ અપાવ્યો હતો તો તેઓ અત્યંત રાજીપાનું પાત્ર બની ગયા. તેમ આપણે પણ ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીને આપણા વિષે નિધડકપણું અપાવી સાચું ગુરુપુજન કરીએ.

**૫. સત્પુરુષ સાથે 'મા' જેવું હેત કરવું.**

બાળકને જેવું મા સાથે આગવું હેત હોય છે એવું બીજા કોઈ સાથે નથી હોતું. તેમ આપણે પણ સત્પુરુષ સાથે એવું હેત કરવું. એમના ખોળામાં માથું મૂકી આપણા અંતરની વાત કરી શકીએ. અધિકારથી પ્રાર્થના કરી શકીએ એવું હેત કરવું.

ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ ઈ.સ. ૧૯૯૯ની સાલમાં એક પ્રસંગ અન્વયે ગુરુદેવ પ.પૂ. બાપજીને પ્રાર્થના કરી હતી કે, "આજે આપ મને વચન આપો કે, આપ અવરભાવમાં મને પૂછ્યા વગર કદી અંતર્ધાન થવાનો સંકલ્પ નહિ કરો." ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી વચ્ચે અતૂટ સ્નેહબંધન. મા-દીકરાનું હેત પણ ત્યાં ઝાંખું પડી જાય. તેથી જ ગુરુજીએ અધિકારથી ગુરુદેવ પ.પૂ. બાપજીને આવી પ્રાર્થના કરી હતી.

ગુરુદેવ પ.પૂ. બાપજી પણ વચનબદ્ધ પુરુષ તેથી ૧૪ ઑગસ્ટ, ૨૦૧૯ના રોજ ગુરુદેવ પ.પૂ. બાપજીએ સેવક સંતને કહ્યું કે, "સ્વામીને વિદેશ સમાચાર આપો કે અમે યાદ કરીએ છીએ." બંને દિવ્ય સત્પુરુષોની એકતા તેથી ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી વિદેશનું તમામ વિચરણ કૅન્સલ કરી તરત ભારત પરત પધાર્યા.

ગુરુદેવ પ.પૂ. બાપજીનાં દર્શન કરવા પધાર્યા ત્યારે ગુરુદેવે કહ્યું, "સ્વામી, અમને રજા આપો." ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ ગુરુદેવ સાથે એવી પ્રીતિ, એવું હેત કર્યું હતું કે ગુરુદેવ વચનબદ્ધ રહ્યા. ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ પણ ગુરુદેવ પ.પૂ. બાપજીને ઘણી પ્રાર્થના, વિનંતી કરી પણ તેઓ પોતાના સંકલ્પમાં અફર રહ્યા. વચન પૂર્ણ કરી તા. ૨૨-૮-૨૦૧૯ના રોજ દેખાતો અવરભાવ અદૃશ્ય કર્યો.

આપણે પણ ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી જોડે અધિકારથી પ્રાર્થના કરી શકીએ એવું મા-દીકરા જેવું હેત કરીએ. આપણા હેત અને પ્રેમને આધીન થઈ યુગો યુગો સુધી દર્શન આપે એવા થઈએ એ જ સાચું ગુરુપૂજન.

ગુરુપૂર્ણિમાના સપરમા અવસરે આ પાંચ બાબત આપણા જીવનમાં દૃઢ કરી સાચું ગુરુપુજન કરીએ.



# ગુરુજીમાં મમત્વભાવ – પ્રીતિ

અનુભવના આધારે જડ-ચૈતન્ય પદાર્થો કે વ્યક્તિ સારાં મનાય છે પરંતુ એમાંથી જેટલું ‘મારું’ મનાય છે એના માટે જીવન આખું ઘસાઈ જાય છે. સંસારમાં પોતાનાં સ્ત્રી-પુત્ર-પરિવાર કરતાં અન્ય ઘણા રૂપવાન કે ગુણવાન પણ હોય છે. છતાંય એ કોઈ વ્હાલા નથી લાગતાં કે સારાં પણ નથી મનાતાં; કારણ કે એ મારાં છે એવું મનાયું નથી ને પોતાનાં સ્ત્રી-પુત્ર-પરિવાર ‘મારાં’ મનાણાં છે એટલે એમાંથી હેત કદી ઓછું થતું નથી.

એક વખત રાજાએ એક સિપાઈને હુકમ કર્યો કે, “આજે સાંજ સુધીમાં ગામમાંથી રૂપાળો છોકરો શોધી લાવો.” રાજાની આજ્ઞાને શિરે ચડાવી સિપાઈ નગરમાં ફરવા નીકળ્યો. પ્રધાનના પુત્રને જોયો. ત્યાંથી બ્રાહ્મણ, વાણિયા, વણકર બધાયને ત્યાં જઈને છોકરાં જુએ, પણ કોઈ ગમે નહીં. સાંજ પડ્યે ઘરે આવ્યો. પોતાનો કાળો અને જાડા હોઠવાળો દાધારંગો છોકરો લઈ રાજા આગળ ધર્યો અને કહ્યું કે, “રાજન, આખા નગરમાં આના જેવું રૂપાળું કોઈ નથી.”

નગરમાં બીજાં કેટલાંય છોકરાંઓ રૂપાળાં હતાં. છતાંય સિપાઈને પોતાના દીકરાથી સારું કે વ્હાલું કોઈ ન લાગ્યું. આ જ મારાપણાનું હેત.

આ જીવાત્મા જે જે યોનિમાં ગયો છે ત્યાં તેણે દેહ અને દેહના સંબંધીને જ મારા કર્યા છે. ચકલીની જોડે પોતાના બચ્ચા જેવું જ બીજી ચકલીનું બચ્ચું જો ચણ લેવા આવે તો ચાંચ મારે છે, જ્યારે પોતાના બચ્ચાને ચાંચમાં મૂકીને ખવડાવે છે.

ગાયના અઉમાં બીજી ગાયનું વાછરડું દૂધ પીવા આવે તો તે લાત મારે છે અને પોતાનું વાછરડું આવે તો તે દૂધનો પારસો મૂકીને જીભથી ચાટી વ્હાલ કરે છે. આ જ છે પોતાના સંબંધીને વિષે મારાપણાનું હેત.

મોટાપુરુષને વિષે દિવ્યભાવ સોતી મારાપણાની આત્મબુદ્ધિ ફરજિયાત છે. કારણ કે દેહ અને દેહના સંબંધીને વિષે થયેલી મારાપણાની બુદ્ધિ આપણને મારે છે એટલે કે મોક્ષના માર્ગમાં વિઘ્ન કરે છે અને આપણો મૂર્તિસુખનો માર્ગ થંભાવી દે છે. જ્યારે મોટાપુરુષ સાથે આવો મમત્વભાવ દઢ થાય કે, ‘એ મારા છે અને હું એમનો છું’ તો એ આપણને તારે છે. મૂર્તિના સુખ તરફ આગળ વધારી નિર્વિઘ્ને મહારાજ સુધી પહોંચાડે છે.

મળેલા મોટાપુરુષ વ્હાલા ગુરુજીને વિષે મમત્વભાવ દઢ કરવા રોજબરોજના જીવનમાં શું કરવું ? તે ચાર બાબતથી શીખીએ.

---

### ૧. મોટાપુરુષથી વ્હાલું કોઈ ન રાખવું.

કુટુંબીજનો કે સગાંસંબંધીમાં જેટલું હેત હોય તેનાથી વિશેષતઃ હેત પરિવારના સભ્યોમાં હોય છે. પરિવારના સભ્યો કરતાં પણ વિશેષતઃ હેત પોતાના દેહને વિષે હોય છે. જેમ કે, કોઈ જગ્યાએ આકસ્મિક રીતે આગ લાગી હોય તો એ વખતે બધાયને છોડી દરેક વ્યક્તિ પહેલાં પોતાને બચાવવા જ પ્રયત્ન કરે છે. પરંતુ શિષ્યને તો પોતાના દેહ અને દેહના સંબંધી કરતાં પણ પોતાના મોક્ષપ્રદાતા ગુરુ અધિક વ્હાલા હોય છે.

એક વાર સિકંદર અને તેમના ગુરુ એરિસ્ટોટલ ફરવા નીકળ્યા. રસ્તામાં સાવ અજાણી નદી આવી. બંનેએ નદી પાર કરીને સામે કાંઠે જવાનું હતું. નદીના પાણીનું માપ કાઢવામાં બેયનો વિવાદ થયો. ગુરુએ કહ્યું, ‘‘પહેલાં હું નદીમાં ઊતરીશ.’’ શિષ્યે કહ્યું, ‘‘ના ગુરુજી, પહેલાં હું જઈશ.’’ એ વિવાદમાં જ સિંકદર નદીમાં કૂદી પડ્યા અને સામે પાર પહોંચી ગયા.

ત્યાંથી તેમણે ગુરુને કહ્યું કે, ‘‘ગુરુજી, આપ પણ નદી પાર કરીને ચાલ્યા આવો; કોઈ જોખમ જણાતું નથી.’’ નદી પાર કર્યા પછી એરિસ્ટોટલે સિકંદરને આવેશમાં આવીને કહ્યું, ‘‘તેં આ રીતે સાવ અજાણી નદીમાં ઉતાવળથી ઝંપલાવી દીધું પણ નદી ઊંડી હોત અને તું કદાચ મૃત્યુ પામ્યો હોત તો ?’’

સિકંદરે કહ્યું, ‘‘ગુરુજી, હું કદાચ મૃત્યુ પામ્યો હોત તો આપ બીજા દસ સિકંદર તૈયાર કરી શકત. પરંતુ આપ જો પહેલાં નદીમાં પડીને મૃત્યુ પામત તો હું એરિસ્ટોટલ જેવા બીજા ગુરુને મેળવી શકવાનો જ ન હતો. વળી, આપનાથી અધિક મને જીવનમાં કોઈ વ્હાલું નથી; મારો દેહ પણ નહીં.’’

પોતાના ગુરુને ઊની આંચ ન આવે તે હેતુથી સિકંદરે પોતાના દેહની પરવા કર્યા વિના નદીમાં ઝંપલાવી દીધું.

આપણને મળેલા દિવ્ય ગુરુજી તો પરભાવી સ્વરૂપ છે ત્યારે આપણે પણ સિકંદરની જેમ એક ગુરુજીને જ જીવનમાં સૌથી વ્હાલા કરી રાખીએ.

એક વખત વ્હાલા ગુરુજીએ ખૂબ મંદવાડ ગ્રહણ કર્યો હતો. ત્યારે ‘ગુરુજી મારા છે. હું ગુરુજીનો છું.’ આવા આગવા મમત્વભાવના નાતે ગુરુજી સાથે જોડાયેલા એક બાળમુક્તે ગુરુજીને ફોન કરી કહ્યું, ‘‘ગુરુજી, આપનો મંદવાડ મને આપી દો. આપ સ્વસ્થ થઈ જાવ. મારાથી આપનો મંદવાડ સહન

થતો નથી. ગુરુજી, આપ તો અનંતને સુખિયા કરવા પધાર્યા છો. આપ સાજા થઈ જાવ. ગુરુજી, આપ મારું બધું આયુષ્ય લઈ લો પણ આપ સ્વસ્થ થઈ જાવ.''

બાળમુક્તનાં આ વચનો ગુરુજી સાથેની આગવી પ્રીતિ, મમત્વભાવ અને દેહથી અધિક ગુરુજી વ્હાલા છે એવું દર્શન કરાવી રહ્યાં છે.

આપણે પણ જીવનમાં સૌથી અધિક વ્હાલા ગુરુજીને કરી રાખીએ એ જ આપણું ઉત્તમ શિષ્યત્વ છે.

**૨. મોટાપુરુષ સાથે જીવનપણું રાખવું.**

માછલી જેવું જીવનપણું વ્હાલા ગુરુજી સાથે કરવું.

માછલીના જીવનમાં જળ સાથે જીવનપણું કરવામાંય એક આગવી ખાસિયત હોય છે. માછલીને જે જળ સાથે જીવનપણું હોય એ જ જળમાં જીવિત રહી શકે !

ઈ.સ. ૨૦૦૧-૦૨માં સરસવા મંદિરના પાટોત્સવ નિમિત્તે વ્હાલા ગુરુદેવ પ.પૂ. બાપજી અને વ્હાલા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી પધારવાના હતા. સંતો-હરિભક્તોએ બંને દિવ્યપુરુષોનું આસન, સ્ટેજ વગેરે વ્યવસ્થા સારી થાય, શોભે તેવું આયોજન વિચારેલું. સ્ટેજ આગળ પાણીનો હોજ બનાવ્યો. કોઈએ સૂચન કર્યું, ''અંદર માછલીઓ મૂકીએ તો ? આર્ટિફિશિયલ !'' કોઈએ કહ્યું, ''પાનમ ડૅમની સાચી માછલીઓ લાવીને મૂકીએ તો !'' સરસવાના કિશોરમુક્ત જગદીશભાઈએ કહ્યું, ''હું પાનમ ડૅમમાંથી માછલીઓ લઈ આવું.'' ખાલી કેરબો લઈ જઈ ૧૦-૧૨ માછલી ડૅમના પાણી સાથે લઈ આવ્યા અને હોજના પાણીમાં મૂકી દીધી. સંતો વિઝિટમાં નીકળ્યા. ધ્યાન દોરાવ્યું : ''અહીં આજુબાજુ કૂતરાં ફરે છે. પક્ષીઓ ઊડે છે. જીવહિંસા ન થાય; જરા ધ્યાન રાખજો.'' બપોરે ફરી વિઝિટમાં નીકળ્યા ત્યારે માછલીઓ ધામમાં જતી રહેલી. બધાને આશ્ચર્ય થયું, ''માછલીને જળ જીવન છે. જળમાં તો હતી જ પણ ધામમાં કેમ જતી રહી ?'' ત્યાં કોઈ અનુભવી બોલ્યું, ''સ્વામી, પાણી બદલાઈ ગયું એટલે... આ ડૅમના પાણીમાં રહેવા ટેવાયેલી માછલી છે; એને ડૅમના પાણી સાથે જ જીવનપણું હોય... જ્યારે આ હોજનું પાણી છે.''

સત્સંગમાં આવેલા દરેક મુમુક્ષુ માટે મોટાપુરુષ કહેતાં ગુરુ એ ડૅમના પાણી સમાન છે અને ગુરુના સંબંધવાળા સંતો-ભક્તો કે દેહનાં સગાંસંબંધી કે પોતાનો દેહ તે હોજના પાણીના ઠેકાણે છે.

સત્સંગમાં સંતો-હરિભક્તો સાથે આત્મીયતા કરવાની છે પરંતુ આગવી પ્રીતિ, જીવનપણું તો વ્હાલા ગુરુજી સાથે જ થાય... કારણ કે આત્મીયતાનો વિકલ્પ છે પરંતુ આગવી પ્રીતિનો, આત્મબુદ્ધિનો કોઈ વિકલ્પ નથી. એ તો દિવ્ય સત્પુરુષ વ્હાલા ગુરુજી સાથે જ થાય. કારણ કે એ જ આપણને સ્થિતિ સુધીની યાત્રામાં આગળ વધારી મૂર્તિસુખનો અનુભવ કરાવનાર માધ્યમ છે.

જીવનપ્રાણ બાપાશ્રીએ ભાગ-૨ની ૩૨મી વાતમાં કહ્યું છે કે, ''જળને વિષે માછલાંને અસાધારણ સ્નેહ છે. જળનો વિયોગ થાય તો પ્રાણનો ત્યાગ કરી દે એવું જળને વિષે જીવનપણું માછલાંને છે. તેણે કરીને જળનો ગમે તેટલો બળવાન વેગ હોય તોપણ તે સામા પ્રવાહે ચાલે છે પણ તે વેગે કરીને પરાભવ પામતાં નથી. સામા પૂરે કિલ્લોલ કરતાં ચાલે છે. માછલાંને જુઓ તો તેમાં કાંઈ એટલું બળ નથી અને દેહ પણ એટલો જબરો નથી જે જળના વેગને ઝીલી શકે, તોપણ તેને જળ સાથે જીવનપણું છે એટલે તેને જળનું બળવાનપણું નડતું નથી... તેમ માયામાંથી નીકળીને શ્રી પુરુષોત્તમ ભગવાનને પામવું તે જીવથી સાધને કરીને કે સમજણે કરીને પમાતું નથી. એ તો માછલાંને જેમ જળ એ જ જીવન છે તેમ જીવ જ્યારે અતિ મોટાપુરુષ જે અનાદિ મહામુક્ત તેમને વિષે પોતાના જીવને જોડીને એકાત્મપણું કરે ત્યારે તે માયા તરીને શ્રી પુરુષોત્તમરૂપ થઈને પુરુષોત્તમ ભગવાનના સુખમાં રમે. તેમાં કાંઈ કઠણ પડતું નથી. એ વિના તો પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન સન્મુખ ચાલવાની સામર્થી કોઈથી પમાતી નથી.''

**૩. મોટાપુરુષનો મહિમા ખૂબ ગાઈએ.**

મળેલા સત્પુરુષ વ્હાલા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી 'મારા છે' એવો મમત્વભાવ દૃઢ થાય તો રૂંવાડે રૂંવાડે એમના પરભાવી સ્વરૂપની અસ્મિતા વર્તે. જેને અસ્મિતા દૃઢ હોય તે દેશમાં હોય કે વિદેશમાં, મિત્રો વચ્ચે હોય કે સગાંસંબંધી વચ્ચે પણ મળેલા



મોટાપુરુષ વ્હાલા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીનો મહિમા છડેચોક ગાઈ ગુરુઋણમાંથી મુક્તિ મેળવવા સાંસાગોટિલા કર્યા જ કરે.

સુરેન્દ્રનગરના પ્રવીણભાઈ હીરાભાઈ માળી તા. ૧૯-૯-૨૦૨૨ના રોજ એક કાર્ય સત્સંગના હરિભક્તના ઘરે કેટરિંગ માટે ગયા હતા. ત્યાં પ્રસંગમાં કાર્ય સત્સંગના અમુક હરિભક્તો સત્સંગલક્ષી વાત કરી રહ્યા હતા. જેના રૂંવાડે રૂંવાડે મહારાજ અને મોટાપુરુષનો મહિમા ભર્યો હોય તે તેમનો મહિમા ગાયા વિના રહી જ કેમ શકે ? પ્રવીણભાઈએ વ્હાલા ગુરુજીની સાધુતા, સિદ્ધાંતવાદિતા, કથાવાર્તાનો આગ્રહ, પારદર્શકતા, પરભાવી સામર્થી આદિ ગુણોનું ખૂબ મહિમાગાન કર્યું. ત્યાં એક કાર્ય સત્સંગના **PSI** હરિભક્ત પણ હાજર હતા. તેઓ તેમના ગુરુ મહાત્મ્ય અને ગુરુ ગૌરવથી ખૂબ પ્રભાવિત થયા. ગુરુજી માટે પણ ખૂબ અહોભાવ થયો.

સારી કંપનીના સેલ્સમૅન પોતાની કંપનીની વસ્તુનું માર્કેટિંગ ગૌરવભેર કરે છે તો સર્વશ્રેષ્ઠ ગુરુજીની સામર્થી, પ્રભાવ, કલ્યાણકારી ગુણો, સાધુતા, દયાળુતા, આદર્શતાનું મહિમાગાન પણ જોગમાં આવનાર સૌ કોઈ આગળ ગૌરવભેર કરીએ એ જ શિષ્ય તરીકે આપણી પવિત્ર ફરજ છે.

**૪. પહેલાં મારા મહારાજ અને મોટાપુરુષ.**

સિઝનનું કોઈ નવું ફ્રૂટ કે નવી વસ્તુ લાવ્યા હોય તો તરત જ આપણને આપણા પરિવારના સભ્યો યાદ આવે છે. તેમને મૂકીને જમાડતા પણ નથી. કારણ, તેમને વિષે મારાપણું છે. એમ, મહારાજ અને મોટાપુરુષને વિષે પણ એવું મારાપણું દૃઢ કરવું. જમાડતા પહેલાં આપણને એમની યાદ આવવી જ જોઈએ. પંચમહાલના આદિવાસી મુક્તોમાં પણ આવી મારાપણાની બુદ્ધિ દર્શિત થાય છે. તેઓ મકાઈની સિઝનમાં

જ્યારે નવા મકાઈ ડોડા તૈયાર થાય ત્યારે સૌપ્રથમ મંદિરે આવીને મહારાજને અને સંતોને અર્પણ કરે; પછી જ જમાડે. આ તેમની મારાપણાની બુદ્ધિ છે.

આ ઉપરાંત કેવી રીતે વ્હાલા ગુરુજી મારા છે અને હું એમનો છું ? આ સમજણ દૃઢ કરી શકાય તેના અગત્યના મુદ્દા જણાવવામાં આવ્યા છે. તે પ્રમાણે વર્તી મમત્વભાવની દુનિયામાં ડગલાં માંડીએ.

● ગુરુજી અવરભાવમાં કોઈ મંદવાડ લીલા ગ્રહણ કરે તેના આપણને સમાચાર મળે તો તરત ભજન-પ્રાર્થના કરવી. પૂ. સંતોને ફોન કરી ગુરુજીના ખબર પૂછવા. આવા સમયે ગુરુજીનાં દર્શન-આશીર્વાદનો લાભ ગોઠવાય તો અચૂક લાભ લેવા જવું. આવા સમયે ઘરમાં પણ સારું ભોજન બનાવી ન જમાડવું એ ગુરુજી પરત્વેની આપણી પ્રીતિ કહેવાય.

● આપણા જીવનના મહત્ત્વના નિર્ણયો ગુરુજીને પૂછીને જ લેવા, ગુરુજીની રુચિ મુજબ જ આગળ વધવું પણ એક વખત નિર્ણય જાણ્યા બાદ સ્વતંત્રપણે ન વર્તવું. સામે દલીલ કે અસ્વીકૃતિની ભાવના ન રાખવી.

● ઘરમાં જન્મેલા બાળમુક્તનું નામ પડાવવું, વર્તમાન ધરાવવાં તથા ધંધા-નોકરી અંગેના નિર્ણયોમાં ગુરુજીને પૂછીને અથવા ગુરુજીના આશીર્વાદ મેળવીને આગળ વધવું જોઈએ.

● ગુરુદેવ કે ગુરુજી માટે વપરાતા દિવ્ય વિશેષણો, ઉપમાઓ તથા શબ્દો જેવા કે, ગુરુદેવ, ગુરુજી, ગુરુવર્ય, સિદ્ધાંતવાદી પુરુષ, ક્રાંતિકારી પુરુષ, પરભાવી સ્વરૂપ, સિદ્ધપુરુષ વગેરે અન્ય માટે ન વાપરવા. ગુરુજીની ગરિમા-મોભો, ગુરુજી માટે વપરાતી વસ્તુઓ અન્ય કોઈ પૂ. સંતો કે હરિભક્તો માટે ન જ વાપરવી. આ ગુરુ પરત્વેનો મમત્વભાવ સોતો વિવેક છે.


અંતમાં વ્હાલા ગુરુજીના ચરણોમાં એક આગવી પ્રીતિના નાતે આટલું કહી વિરમીએ કે,

"આપ મારા હું આપનો, આપ જીવનપ્રાણ સૌના જીવનપ્રાણ..."

## મૂર્તિસુખે સુખિયા

**કારણ સત્સંગના દિવ્ય પરિવારના પરમ કૃપાપાત્ર મુક્તો કે જેઓ શ્રીહરિની ઇચ્છાથી મૂર્તિસુખે સુખિયા થયા છે. તેઓની નામાવલિ અત્રે આલેખેલ છે :**

**મૂ. નિ. રામભાઈ ઈશ્વરભાઈ પટેલ, ઉંમર વર્ષ-૮૦, વડોદરા; તા. ૨૫-૫-૨૦૨૪ :** વડોદરા સેન્ટરના પાયાની ઈંટ સમા હરિભક્ત રામભાઈ પટેલ મૂર્તિના સુખે સુખિયા થયા છે. તેઓનો સમસ્ત પરિવાર તન, મન, ધનથી સેવા કરી રાજીપો કમાઈ રહ્યો છે.



**મૂ. નિ. રમાકાંતભાઈ બી. પટેલ, ઉંમર વર્ષ-૯૪, વડોદરા; તા. ૩૧-૫-૨૦૨૪ :** વડોદરા સેન્ટરના ઘરધણી મુક્ત રમાકાંતભાઈ પટેલ મૂર્તિસુખે સુખિયા થયા છે. તેઓ ગુરુદેવ પ.પૂ. બાપજીના વચનને અધ્ધરથી ઝીલીને સેવા કરીને ખૂબ રાજીપો કમાયા હતા. મહાપ્રભુ તેઓના દીકરાને સત્સંગ તથા સમજણનું ખૂબ ખૂબ બળ આપે.



**મૂ. નિ. કનુભાઈ સોમાભાઈ પટેલ, ઉંમર વર્ષ-૬૩, થાંભા (ગોધર); તા. ૧૫-૬-૨૦૨૪**

**મૂ. નિ. ગોપાલભાઈ શામજીભાઈ વાઘજીયાણી, ઉંમર વર્ષ-૮૬, લંડન; તા. ૧૭-૬-૨૦૨૪**


**મૂ. નિ. રોહિતભાઈ ભીખાભાઈ ઠક્કર, ઉંમર વર્ષ-૭૨, વાસણા; તા. ૧૭-૬-૨૦૨૪**

**મૂ. નિ. રાજેશભાઈ નાનાલાલ રૂપાભીંડા, ઉંમર વર્ષ-૫૮, તળાજા; તા. ૩૦-૫-૨૦૨૪ :** તળાજા વિસ્તારના ઘરધણી મુક્ત રાજેશભાઈ મૂર્તિસુખે સુખિયા થયા છે. વર્ષોથી તળાજા વિસ્તારમાં સક્રિયપણે સેવા કરી ગુરુજીના રાજીપાપાત્ર બન્યા હતા. મહાપ્રભુના ચરણે એ જ પ્રાર્થના કે તેઓના સમસ્ત પરિવારને સત્સંગનું તથા સમજણનું ખૂબ બળ આપે.



**મૂ. નિ. અંબાબેન શિવાભાઈ પટેલ, ઉંમર વર્ષ-૮૩, વડોદરા; તા. ૨૩-૫-૨૦૨૪**

**આ મુક્તોએ ઘરધણી થઈ તન, મન અને ધનથી સંસ્થાને વફાદાર રહીને મમત્વભાવે સેવાઓ કરી છે અને ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીનો રાજીપો મેળવેલ છે. શ્રીજીમહારાજ, ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના ચરણોમાં પ્રાર્થના કે તેમના ચૈતન્યને મૂર્તિના અવિચળ સુખભોક્તા કરે.**



# ગુરુજીમાં બની રહેવું નિ:સંશય

વિશ્વાસ અર્થાત્ આમ એટલે આમ જ. આપણો દૈનિક વ્યવહાર, ધંધા-રોજગાર વગેરે વિશ્વાસ ઉપર અવલંબિત છે. પરસ્પર વિશ્વાસ મૂકીએ તો જ વ્યવહાર વ્યવસ્થિત ચાલે.

ડૉક્ટરની પાસે દવાખાને જઈએ ત્યારે તેમનામાં પણ સંપૂર્ણ વિશ્વાસ મૂકીને જઈએ છીએ. વેપારી મહાજનો પણ ધંધામાં વિશ્વાસના આધારે લાખોનો માલ મંગાવે છે ને સ્વીકારે છે. બાળકને માતા ઉપર કેટલો વિશ્વાસ છે ? આપણે રસ્તામાં ક્યાંક ભૂલા પડ્યા હોઈએ અને કોઈ રસ્તો બતાવે તો એના વચનમાં કેટલો વિશ્વાસ કે અજાણ્યો છે છતાં તે ખોટો રસ્તો નહિ જ બતાવે ! અને તેના બતાવેલા રસ્તા ઉપર જઈએ છીએ. આમ, અવરભાવનો બધો વ્યવહાર વિશ્વાસના આધારે ચાલે છે.

એવો એક બીજો શબ્દ છે – નિઃસંશયપણું. નિઃસંશયપણું એટલે એમને વિષે તર્ક-કુતર્ક ન કરવા. એમના કોઈ વચનમાં શંકા-કુશંકા ન કરવી.

નાનપણમાં આપણે શાળાએ જતા. શિક્ષકે આપણને ગણિતનો કોઈ પણ સિદ્ધાંત શિખવાડ્યો હોય તો ક્યારેય આપણે તેમની સામે દલીલ કરી છે ખરી ? ૧ + ૧ = ૨ જ કેમ થાય તે વિષે સંશય કર્યો છે ખરો ? અને જો કોઈ સંશય કરે કે તર્ક-કુતર્ક કરે તો શું પરિણામ આવે ? ઘરે જઈ બેસવું પડે.

વળી, આપણને હવા આંખે કરીને દેખાતી નથી છતાં વિજ્ઞાનના શિક્ષકના વચનમાં વિશ્વાસ છે, નિઃસંશયપણું છે; એટલે શીરો જેમ સડસડાટ ગળે ઊતરી જાય તેમ ગેડ્ય પડી જાય છે. તો વળી પૃથ્વી ગોળ છે તેવું વિધાન શિક્ષક પ્રયોગ કર્યા વગર કહે તોપણ તેમના વચનમાં તર્ક-કુતર્ક થાય છે ખરો ? ના, કદાપિ નહીં. એવો જ એક બીજો શબ્દ છે નિધડકપણું. મા અને બાળક વચ્ચેનો જે આગવો સંબંધ છે તેમાં આ નિધડકપણાનું દર્શન સવિશેષ થતું હોય છે. બાળક એની માને અને મા એના બાળકને જ્યારે જે કહેવું હોય તે કહી શકે છે. છતાં એકબીજા વચ્ચેના સંબંધમાં નથી ભંગાણ થતું કે નથી એકબીજા પ્રત્યેથી હેત ઓછું થતું. એવું નિધડકપણું જેના થકી પ્રગતિ પામવી હોય તેને અપાવવું જરૂરી છે.

જેમ ભૌતિક દુનિયામાં વિશ્વાસ, નિઃસંશયપણું અને નિધડકપણું ફરજિયાત બાબતો છે અને તેના વિના પ્રગતિ શક્ય જ નથી. તે જ રીતે આધ્યાત્મિક માર્ગ તો તદ્દન વિપરીત છે. આ માર્ગના અનુભવી શિક્ષક કહેતાં સત્પુરુષના વચનમાં વિશ્વાસ રાખવો અને તેમનાં નાનાં-મોટાં કોઈ પણ વચન સ્વીકારી લેવાં તે પાયાની જરૂરિયાત છે ને ફરજિયાત છે.

સદ્. ગુણાતીતાનંદ સ્વામીનો જોગ-સમાગમ કરનાર માવા ભગતને સ્વામીએ એક વાર સહજભાવે આજ્ઞા કરતાં કહ્યું, "માવા ભગત, જાઓ, હાલ ને હાલ ગિરનાર પર્વતને અહીં બોલાવી લાવો !" આ દૃષ્ટાંત મહાપ્રભુએ આપણા માટે જ ઊભું કર્યું. પ્રસંગ બહુ જ નાનો છે. પણ તેનો સાર ગ્રહણ કરવો ને જીવનમાં તે પ્રમાણે વર્તવું ને તેની દૃઢતા કરવી તે બહુ મોટી બાબત છે. માવા ભગતને વિશ્વાસ હતો કે, 'મારા સ્વામી કદી ખોટું ન કહે. ગિરનાર આવી શકતો હશે તો જ તેમણે મને બોલાવી લાવવા કહ્યું હોય.' વળી એવો વિચાર પણ ન કર્યો કે, 'ગિરનાર તો જડ છે, અને તેને ક્યાં પગ છે ? આટલો મોટો ગિરનાર સ્વામી પાસે આવી શકતો હશે ?' ના... આવા કોઈ જ ક્ષુલ્લક વિચારોને સ્થાન ન આપ્યું. પોતાની બુદ્ધિને દોડાવી જ નહીં. ટૂંકમાં, બુદ્ધિ બુઠ્ઠી કરી નાખી. તેઓ એ બાબતમાં નિઃસંશય થઈ ગયા. પછી તો તેઓ તરત પહોંચ્યા ગિરનાર પાસે. ગિરનારને વાત કરી, "એય ગિરનાર, તું ચાલ મારા સ્વામી પાસે. તેઓ તને અત્યારે જ બોલાવે છે. જલદી ચાલ."

પછી તો ગિરનાર તરફથી કોઈ ઉત્તર ન આવ્યો. પણ સ્વામીની આજ્ઞા હતી કે, ગિરનારને બોલાવી લાવો. શું આ આજ્ઞા શક્ય છે ? માવા ભગતની જગ્યાએ આપણે હોઈએ તો ? માવા ભગતે ત્રણ-ચાર વાર ગિરનારને જણાવ્યું, છેવટે તેઓ ગિરનારનો એક નાનો પથ્થર લઈને સ્વામી પાસે આવ્યા ને કહ્યું કે, "દયાળુ ! લો, આપના વચન પ્રમાણે આ ગિરનાર પર્વતને લઈને આવ્યો છું." સ્વામી તે જોઈ ખૂબ રાજી થયા.

માવા ભગતને સ્વામીમાં સંપૂર્ણ વિશ્વાસ હતો. તેમજ તેમના વચનમાં નિઃસંશયપણું હતું તેથી તેઓ ઉપરોક્ત મન-બુદ્ધિથી પરની આજ્ઞાને ન્યાય આપી શક્યા. આ બની શક્યું તેનું કારણ માવા ભગતને સદ્. ગુણાતીતાનંદ સ્વામીને વિષે આત્મબુદ્ધિ હતી અને તેને લીધે તેમનાં વેણ (વચન) તેમણે તત્કાળ સ્વીકાર્યાં. સદ્. ગુણાતીતાનંદ સ્વામી દ્વારા બોલનારા કોણ છે ? મારા મહારાજ બોલનારા છે અને મારા સ્વામીની આજ્ઞા એ જ મારા મહારાજની આજ્ઞા છે – આવો નિરુત્થાન નિશ્ચય હતો.

વ્હાલા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીને પણ ગુરુદેવ પ.પૂ.

બાપજીની આજ્ઞા-વચનમાં હરહંમેશ આવું નિઃસંશયપણું વર્તતું અને ગુરુદેવ પણ ગુરુજીને નિધડકપણે કોઈ પણ આજ્ઞા કરતા. જેને ગુરુજી નિઃસંશય થઈ અધ્ધરથી ઝીલી લેતા. ગુરુઆજ્ઞાએ ઝડપેલું દરેક બીડું સફળતાનાં શિખરો આંબી જતું.

જ્યારે નાણાં ને મા'ણાંની ભારે તંગી હતી ત્યારે જર્સીસિટી મંદિરનું જમીન સંપાદન કરવાની ગુરુદેવ પ.પૂ. બાપજીની આજ્ઞા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ કેવા વિકટ સંજોગોમાં પણ અધ્ધરથી ઝીલી છે. કારણ, નજર એક ગુરુદેવ પ.પૂ. બાપજીને રાજી કરવા તરફ હતી. ઈ.સ. ૨૦૦૨માં વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી અમેરિકા પધાર્યા હતા. નીકળતી વખતે ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી જ્યારે ગુરુદેવ પ.પૂ. બાપજીનાં દર્શને ગયા ત્યારે ગુરુદેવ પ.પૂ. બાપજીએ આજ્ઞા કરી, ''સ્વામી, તમે અમેરિકા જાવ છો પણ ત્યાં જમીન સંપાદન કર્યા વગર પાછા ન પધારતા.'' એ વખતે એસ.એમ.વી.એસ. સંસ્થાના સમગ્ર અમેરિકામાં ઘરના હરિભક્ત માત્ર એક ઘનશ્યામભાઈ કાછિયા જ હતા. અમેરિકાના ચાર મહિનાના વિચરણમાં ક્યાં ? કોના ઘરે ઉતારો કરવો ? કોને સભામાં બોલાવવા ? તે પણ દ્વિધા હતી. આવા સાવ અજાણ્યા ક્ષેત્રમાં ગુરુદેવ પ.પૂ. બાપજીની અસંભવ લાગતી આજ્ઞા પાળવામાં ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી સંપૂર્ણ નિઃસંશય અને નિશ્ચિંત હતા.

અમેરિકામાં ચાર મહિનાના અથાક વિચરણ સાથે ગુરુજીએ મંદિર માટે ઢગલાબંધ જગ્યાઓ જોઈ. ભારત પરત પધારવાના માત્ર ચાર દિવસ બાકી હતા ત્યારે ન્યૂજર્સી સ્ટેટના જર્સીસિટી શહેરમાં એક વેરહાઉસની જગ્યા ઉપર ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીની દૃષ્ટિ ઠરી. એજન્ટ ઈન્દ્રવદનભાઈ પંડ્યાને જગ્યાનો ભાવ પુછાવ્યો તો જણાવ્યું ૧.૪ મિલિયન ડૉલર (૧૪ લાખ ડૉલર). આટલી મોંઘી જગ્યા ખરીદવી એ સમયે સંસ્થા માટે બિલકુલ અસંભવ હતું પરંતુ ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીની દૃષ્ટિ ગુરુદેવ પ.પૂ. બાપજીના વચન સામે હતી તેથી ગુરુજીએ જમીનમાલિક વિષ્ણુભાઈ સિંધી સાથે મિટિંગ ગોઠવી. જે વિષ્ણુભાઈ જમીનનો એક ડૉલર પણ ઓછો કરવા તૈયાર ન હતા તે ગુરુજીના અડધો કલાકના સમાગમે બોલી ઊઠ્યા, ''स्वामीजी, आपके मुख से जो कीमत निकलेगी वो कीमत में मैं ये वेरहाउस आपको दे दूँगा। आपके मुख से भगवान बोल रहे है।'' ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ તેઓને ચિઠ્ઠીમાં લખી આપ્યું :

જમીનભાવ : ૧૦,૦૦,૦૦૦ ડૉલર (૧ મિલિયન ડૉલર)
<u>- ૫૧,૦૦૦</u> ડૉલર સેવા (આપના તરફથી)
૯,૪૯,૦૦૦ ડૉલર (નેટ પ્રાઈઝ)

વિષ્ણુભાઈએ ગુરુજીની આ ચિઠ્ઠી શિરોવંદ્ય કરી માત્ર ૧૦૦૦ ડૉલરમાં જમીનનું બાનાખત કરી આપ્યું. કોઈ હરિભક્તની સહાય વગર આટલી મોટી રકમ કેવી રીતે ભેગી કરવી તે બહુ મોટો પ્રશ્ન હતો છતાં ગુરુદેવ પ.પૂ. બાપજીના વચનમાં વર્ત્યા તેના રાજીપા રૂપે મહારાજ ખૂબ ભેગા ભળ્યા અને અનેક ચમત્કારોની હારમાળા સર્જાઈ. વેરહાઉસના પૈસા માત્ર ટૂંક સમયમાં ચૂકવાઈ ગયા. ઉપરાંત ઈ.સ. ૨૦૦૩માં જર્સીસિટી મંદિરમાં રંગેચંગે પ્રતિષ્ઠા વિધિ પણ સંપન્ન થયો.

આપણે પણ ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી દ્વારા આવી મન-બુદ્ધિથી પરની કોઈક આજ્ઞા જ્યારે થાય ત્યારે મહિમા સહિત તે વચન સ્વીકારી હેઠું ન પડવા દઈએ તો મહારાજ અને ગુરુજી જરૂર તેમાં ભેળા ભળી અશક્યને શક્ય બનાવી દે.

ઈ.સ. ૧૯૯૫ના બાપાશ્રી મહોત્સવ વખતે ગુરુદેવ પ.પૂ. બાપજી હરિભક્તોને ધનની સેવાની નાની-મોટી આજ્ઞા કરતા. ગુરુદેવ પ.પૂ. બાપજીએ ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીને કહ્યું, ''હરિભક્તોનું લિસ્ટ લઈ આવો.'' લિસ્ટ જોતાં એક હરિભક્તનું નામ આવ્યું તે જોઈ ગુરુદેવ પ.પૂ. બાપજી બોલ્યા, ''સ્વામી, આમને કહેવાનું તો રહી ગયું. પણ આ હરિભક્તની આર્થિક સ્થિતિ નબળી છે. ઑટોરિક્ષા ચલાવી ઘરનું પૂરું કરે છે. માટે તું તેમને કહી દેજે કે તમારી ધનની સેવા લેવાની નથી. તમે મહોત્સવમાં ૧૫ દિવસ તનની સેવા કરશો તો મહારાજ તમારા લાખો-કરોડો જમા કરી લેશે.''

રવિ સભામાં ઑટોરિક્ષા ચલાવનાર હરિભક્ત આવ્યા. તેમને જોઈ ગુરુદેવની આજ્ઞાની સ્મૃતિ થતાં ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ તે વાત કરવા તેમને નજીક બોલાવ્યા. ત્યાં તો તેમણે સામેથી કહ્યું, ''સ્વામી, હું અળખામણો છું ? પારકો છું ?'' ''દયાળુ, કેમ આવું બોલો છો ?'' ''સ્વામી, બાપજીએ બધાય હરિભક્તોને બોલાવીને નાની-મોટી સેવા આપી છે તો મેં શું ગુનો કર્યો ? હું બાપજીના લિસ્ટમાં કેમ નથી ?'' ત્યારે ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ કહ્યું, ''તમે બાપજીના લિસ્ટમાં છો જ પણ મહારાજે તમારો વ્યવહાર દૂબળો રાખ્યો છે એટલે તમારી ધનની નહિ; તનની સેવા લેવાની છે. બાપજીએ કહ્યું છે

તમે મહોત્સવમાં પંદર દિવસ સેવા કરશો એમાં મહારાજ તમારી લાખો-કરોડોની સેવા જમા કરી દેશે.'' પરંતુ હરિભક્તે આગ્રહ કર્યો કે, ''સ્વામી, મારા ઘેર દીકરા-દીકરીનાં લગ્ન હોય તો આઘુંપાછું કરીનેય પૂરું કરીએ તો આ મારા બાપાશ્રીનો પ્રસંગ છે. મને જીવનમાં પહેલી વાર તક મળી છે માટે વિના સંકોચે કંઈક સેવા આપો. બાપજીના મુખમાંથી જે વચન નીકળશે તેને અધ્ધરથી ઝીલી લઈશ. હેઠું નહિ પડવા દઉં.''

સભા બાદ હરિભક્તને ગુરુદેવ પ.પૂ. બાપજીના આસને લઈ જઈ બધી વાત કરી. ગુરુદેવ પ.પૂ. બાપજીએ પણ ના પાડી પરંતુ તેમના અતિ આગ્રહને વશ થઈ ગુરુદેવે ખૂબ રાજીપો આપી કહ્યું, ''ભગત, સાંભળો. હું કહું તેમ કરશો ? વચન અધ્ધર ઝીલવાનું હોય તો કહું.'' હરિભક્તે ખુમારીથી કહ્યું, ''બાપજી, આપ કહો એમ જ કરવાનું છે.'' ગુરુદેવ પ.પૂ. બાપજીને તેમની દરિદ્રતા ટાળવી હતી, સુખી કરવા હતા તેથી કહ્યું, ''૧,૧૧,૧૧૧ની સેવા મહારાજ તમારી પાસેથી લેવા માગે છે.'' હરિભક્ત તો હરખાતા હૈયે નાચવા લાગ્યા પણ આટલા બધા પૈસા ક્યાંથી આપીશ તેની લગીરેય ચિંતા નહીં. ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ ગુરુદેવ પ.પૂ. બાપજીને પ્રાર્થના કરી ત્યારે ગુરુદેવે ગુરુજીને કહ્યું, ''સ્વામી, અમારે મરેલાને જીવતો કરવો છે.'' હરિભક્તને પણ રાજી થકા આશીર્વાદ આપ્યા કે, ''જા, ભગવાનનુંય થશે ને તારુંય થશે.'' ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ બહાર આવી હરિભક્તને કહ્યું, ''ભાઈ, તમે ચિંતા ન કરશો. તમારાથી થાય તો દર મહિને ૫૦, ૫૦ રૂપિયા જમા કરાવી ૧૧૧૧ રૂપિયાની સેવા કરજો. બાપજીને સેવક પ્રાર્થના કરશે.'' ત્યારે હરિભક્તે ખુમારીપૂર્વક કહ્યું, ''બાપજીના મુખે મહારાજ બોલ્યા છે માટે મહારાજ કરશે જ. આટલી સેવા કરવાની જ છે. મને લગીરેય ચિંતા નથી.''

આ વાતને દોઢ વર્ષ થઈ ગયું. આ હરિભક્તે વર્ષોથી ગામડાનું મકાન લાખ રૂપિયામાં વેચવા કાઢેલું પણ કોઈ ઘરાક મળતું ન હતું. છેલ્લે તો મકાન ૩૭૦૦૦માં વેચવા કાઢેલું તોય કોઈ લેતા નહીં. બાર મહિનાથી એક ડૉક્ટરને આ મકાન ભાડે આપેલું. ડૉક્ટરે આ મકાનમાં દવાખાનું કરેલું ને રહેવા માંડ્યા ત્યારથી બાર મહિનામાં તેમના બધા જ પ્રશ્નો ટળી ગયા. તેથી મકાન શુકનિયાળ જાણી સામેથી પાંચ લાખ રૂપિયા આપી ખરીદી લીધું. હરિભક્તે ગુરુદેવ પ.પૂ. બાપજીની આજ્ઞા અધ્ધરથી ઝીલી તો તેમનાથી મહારાજની સેવા તો થઈ પણ એ હરિભક્તનું દારિદ્ર પણ ટળી ગયું. આજે તેઓ સાડા ત્રણ કરોડના બંગલામાં રહે છે. ઘરમાં ચાર ગાડી છે. મોટાપુરુષનું વચન અધ્ધરથી ઝીલ્યું તેનો આ પ્રતાપ.

આપણે પણ સ્વજીવનમાં મોટાપુરુષના વચનમાં વિશ્વાસ, નિઃસંશયપણું કેળવી તેમની આજ્ઞા અધ્ધરથી ઝીલવા આટલું કરીએ :

- જે પાત્રોએ ભૂતકાળમાં ને વર્તમાનકાળમાં વચન અધ્ધરથી ઝીલ્યાં હોય તેવા પાત્રોનું મનન કરવું કે સંગ રાખવો. તેમના જીવનમાંથી પ્રેરણા લઈ મોટાપુરુષના નાના-મોટા વચનને અધ્ધર ઝીલી લેવા.
- સત્પુરુષના વચનની કિંમત સમજવી. એમ વિચારવું કે એમના દ્વારા બોલનારા મારા મહારાજ છે. મહારાજ માટે શું ન થાય ?
- આપેલા અનાદિમુક્તની સ્થિતિના કોલમાં નિ:સંશય રહેવું. ગુરુદેવ પ.પૂ. બાપજી આપણને અનેક વાર દૃઢતા કરાવવા માટે રટણ કરાવતા કે, "શ્રીજીમહારાજે મારા ચૈતન્યને અનાદિમુક્ત કરીને મૂર્તિના સુખમાં રાખ્યો છે, રાખ્યો છે ને રાખ્યો જ છે." વળી ગુરુજીએ આપેલ, "દેહ છોડાવી પ્રતિલોમપણે દેહના સ્થાને મહારાજ જ આવી બિરાજી ગયા છે." તે રટણનું મનન કરવું અને સહસાથીને કે નજીકના વિશ્વાસુ મિત્રોને-સંબંધીઓને યાદ કરાવડાવવું.
- મોટાપુરુષના આપેલા આશીર્વાદમાં વિશ્વાસ રાખવો. તર્ક-કુતર્ક ન કરવા.
- એમના વચનમાં વર્તવા કોઈનાં બંધન આડાં ન લાવવાં.
- આપણી કક્ષા બહારની સેવા સોંપે કે આજ્ઞા કરે ત્યારે પણ નિ:સંશય થઈને હા પાડવી. તેથી તે સેવા સરળતાથી પરિપૂર્ણ થાય.
- આપણા વિષે સત્પુરુષને નિધડકપણું આવે તેમ વર્તવું, પ્રયત્નો કરવા.

અંતમાં વ્હાલા ગુરુદેવ અને વ્હાલા ગુરુજીના ચરણકમળમાં પ્રાર્થનાથી વિરમીએ કે,

''મન-બુદ્ધિ, વિષય સામે લડવાના, હરાવીશું પણ હાર નહિ માનવાના,
તારા વચનોને સદા અધ્ધર ઝીલવાના, ખપી જઈશું પણ વચન પાળવાના.
આ સેવક તમારા છે, તમારા રહેવાના.''



# ગુરુજીના સુખે સુખી ને દુઃખે દુઃખી

મનુષ્ય એ લાગણીશીલ પ્રાણી છે. અન્ય સજીવ કરતાં પોતાના સુખ-દુઃખની લાગણી તે વિશેષતઃ અભિવ્યક્ત કરી શકે છે. પરંતુ અનાદિકાળથી જીવાત્મા દેહકેન્દ્રિત થઈ પોતાના દેહના સુખને જ પોતાનું સાચું સુખ માની રાચતો આવ્યો છે. જ્યારે આત્માના સુખની કોઈ ત્વરા જ એને જાગી નથી. આધ્યાત્મિક માર્ગમાં જ્યાં દેહના સુખનો અંત આવે છે ત્યાં જ આત્માના સુખની શરૂઆત થાય છે. આત્માનું સાચું સુખ મહારાજની મૂર્તિ છે. મૂર્તિનું સુખ એ જ આત્માનો ખોરાક છે, પરંતુ મૂર્તિના સુખ સુધી પહોંચવું એ સાધનકાળમાં રહેલા સાધનિક માટે અશક્ય છે. તેમ છતાં એ શક્ય બની શકે છે. એના માટે મોટાપુરુષ સાથે આત્મબુદ્ધિ કરવી ફરજિયાત છે. પરભાવની આત્મબુદ્ધિ કરતાં પૂર્વે એમના સુખે સુખી, દુઃખે દુઃખી થવું એ પ્રાથમિક જરૂરિયાત છે.

"જનમો જનમથી થયા છીએ, દેહના સુખે સુખી;
મોટાપુરુષના સુખે સુખી, થઈએ દુઃખે દુઃખી."

બાપાશ્રીની પહેલા ભાગની પહેલી વાતમાં જીવનપ્રાણ અબજીબાપાશ્રીને સદ્. ઈશ્વરસ્વામીએ પ્રશ્ન પૂછ્યો છે કે, "અનાદિમુક્ત (મોટાપુરુષ) સાથે બહારથી અને અંતરથી જીવ કેવી રીતે જોડવો ? ત્યારે બાપાશ્રી બોલ્યા જે, જેમ પોતાના દેહને સુખે સુખી થવાય છે ને દેહને દુઃખે દુઃખી થવાય છે, તેમ જ મોટાને દુઃખે દુઃખી થવાય અને મોટાને સુખે સુખી થવાય તે બહારથી જીવ જોડ્યો કહેવાય. પણ એવું થવું અતિ કઠણ છે, કેમ જે સમુદ્રમાં વહાણ કે આગબોટ ડૂબે અને એક પાટિયાનો કકડો હાથ આવે તો પોતાને તરીને નીકળવાનો સંકલ્પ ન થાય, ને આવા મુક્ત જશે તો હું એકલો રખડીશ ને પત્તરમાં કોઈ અન્ન પણ નહિ આપે ને અનંત જીવનો ઉદ્ધાર બંધ થઈ જશે, માટે હું બૂડી મરું ને આ મુક્ત ઊગરે તો ઠીક, એમ થાય; ને રેલમાં સારી જગ્યામાં મોટાને બેસારે અને પાંચ-સાત દિવસે અન્ન મળે તે એક જણ જમે એટલું જ હોય તો મોટાને આપી દે ને પોતે ભૂખ્યો રહે અને હીમ પડ્યું હોય ને એક જણ ઓઢે એટલું જ હોય તો મોટાને ઓઢાડે ને પોતે ઓઢ્યા વિના જ રહે એવું થાય તો બહારથી જીવ જોડ્યો કહેવાય."

જ્યારે સ્વસુખનો સંપૂર્ણ પ્રલય થાય અને મોટાપુરુષના સુખનો જ વિચાર આવે ત્યારે એમના સુખે સુખી થવાય. ગુરુદેવ પ.પૂ. બાપજી એટલે જ કહેતા કે, "દેહના દુઃખે દુઃખી ને દેહના સુખે સુખી થાય તે દેહધારી. મોટાપુરુષના સુખે સુખી અને દુઃખે દુઃખી થાય એ જ ગુરુમુખી, ઉત્તમ શિષ્ય."

સંસારમાં જીવાત્માને દેહ અને દેહના સંબંધી સાથે પોતાપણાની બુદ્ધિ દૃઢ થઈ છે તો સંબંધીનું દુઃખ પણ પોતાનું લાગે છે. બાળક જ્યારે બીમાર પડે ત્યારે તેની મા એને દવાખાને લઈ જાય છે. ડૉક્ટર ઇન્જેક્શન આપે ત્યારે બાળક તો રડતું હોય છે પરંતુ એ સમયે એની માનો જીવ પણ અધ્ધર થઈ જાય છે અને બાળકના શરીરે સોય અડતા પહેલાં એની માના મુખેથી સિસકારો નીકળી જાય છે. બાળકનું દુઃખ માનું દુઃખ થઈ જાય છે. કારણ કે માને બાળકને વિષે પોતાપણાની બુદ્ધિ દૃઢ થઈ છે. જેથી બાળકના દુઃખે એ દુઃખી થાય છે ને બાળકના સુખે એ સુખી થાય છે. એમ મોટાપુરુષ સાથે એવી પોતાપણાની બુદ્ધિ દૃઢ કરવી કે મોટાપુરુષનું દુઃખ આપણું થઈ જાય, મોટાપુરુષની ચિંતા આપણી થઈ જાય. જ્યાં પોતાના સુખનો કોઈ વિચાર જ ન આવે.

### સ્વસુખનો પ્રલય

સંસાર-વ્યવહારમાં ભાઈ-ભાંડુના ઘરમાં જો કોઈ સુખ-દુઃખ આવે તો આપણે તરત એના માટે ચિંતિત થઈ જઈએ છીએ. આપણાથી બનતી મદદ કરીએ છીએ. દીકરીને સાસરે વળાવ્યા પછી પણ જો તેને કંઈક દુઃખ આવે તો માબાપનું કાળજું કપાઈ જાય છે. એને સુખ આપવા પોતાનું સુખ ત્યજીને બનતા બધા જ પ્રયત્ન કરે છે. એમ મોટાપુરુષ સાથે એવી પોતાપણાની બુદ્ધિ કરવી કે મોટાપુરુષની ચિંતા કે દુઃખ આપણું થઈ જાય.

શ્રીજીમહારાજની આજ્ઞાથી સંતો ગામોગામ વિચરણ કરી સત્સંગ કરાવતા. એક વખત સદ્ગુરુ વજાનંદ સ્વામીનું મંડળ સમઢિયાળા પધાર્યું હતું. ગામમાં સત્સંગ સારો થયો. હરિભક્તોને સત્સંગનું બળ ટકી રહે અને ભગવાન ભજવાનું સ્થાન થાય તે માટે સ્વામીએ મંદિર બાંધવાનો વિચાર કર્યો. એ વખતે હરિભક્તોના વ્યવહાર દુર્બળ હતા તેથી માટીની ભીલીઓ ખડકી મંદિર બાંધતા.

હરિભક્તોએ ભેગા મળી માટીની દીવાલો તૈયાર કરી. એટલામાં તો ચોમાસું આવી રહ્યું. માટીની દીવાલો ઉપર જો નળિયાં ન નખાય તો વરસાદમાં દીવાલો ધોવાઈ જાય. મહેનત બધી માથે પડે. સદ્. વજાનંદ સ્વામીએ હરિભક્તો આગળ પોતાની ચિંતા રજૂ કરી કે, "જો અત્યારે નળિયાં નહિ નખાય તો મહારાજનું મંદિર અધૂરું રહેશે માટે ક્યાંકથી નળિયાં નાખવાની વ્યવસ્થા કરો."

હરિભક્તોએ ઘણી તપાસ કરી પરંતુ ક્યાંયથી નળિયાં મળ્યાં જ નહીં. સમઢિયાળા ગામના હરિભક્ત વીરા ભગત સ્વામીની વ્યથા ને ચિંતાને સમજી ગયા. 'સ્વામીની ચિંતા એ મારી ચિંતા.' વીરા ભગતે સદ્. વજાનંદ સ્વામી પાસે જઈ

પ્રાર્થના કરી કે, "સ્વામી, મેં એક ઠેકાણે નળિયાં ભાળ્યાં છે. ત્યાંથી મળે એમ છે માટે મારી સાથે એક ગાડાવાળો મોકલો."

સ્વામીએ વીરા ભગતની જોડે એક ગાડાવાળાને મોકલ્યા. વીરા ભગતે ગાડું પોતાના ઘરના આંગણામાં લાવીને ઊભું રાખ્યું અને પોતાના ઘરના છાપરે ચડી ગયા. ગાડાવાળાને કહ્યું, "હું ઉપરથી નળિયાં આપવા માંડું છું. તમે ગાડામાં ગોઠવવા માંડો." ગાડાવાળા હરિભક્તે કહ્યું, "વીરા ભગત, આવું ગાંડપણ ન કરાય. તમારાં ઘર વરસાદમાં પડી જશે પછી ક્યાં રહેશો ?" વીરા ભગતે કહ્યું, "ભાઈ, તને ખબર ન પડે. આમ જ થાય. પહેલાં મહારાજનું ઘર, પછી મારું ઘર. સ્વામીને નળિયાં વગર ચિંતા થતી હોય તો હું કઈ રીતે નિરાંતે આ નળિયાં નીચે સૂઈ શકું ? જો મંદિરના ઉપયોગમાં નળિયાં ન આવે તો ધિક્કાર છે મારા જીવતરને; ધૂળ્ય પડી મારા સત્સંગમાં."

વીરા ભગત થોડી વારમાં પોતાના ઘર ઉપરથી નળિયાં ઉતરાવી ગાડું ભરી મંદિરે લઈ આવ્યાં. ગાડાવાળા હરિભક્તે આવીને સ્વામીને બધી વાત કરી. સદ્. વજાનંદ સ્વામીએ વીરા ભગતને સમજાવવા માંડ્યા કે, "ભગત, આમ ન થાય. તમારા ઘરનું શું થશે ?" ત્યારે વીરા ભગતે કહ્યું, "સ્વામી, આમ જ થાય. પહેલાં મારા મહારાજનું અને મારા સંતોનું ઘર. આપને કોઈ ચિંતા કે તકલીફ ન રહેવી જોઈએ. હું તો મારી ગમે ત્યાં વ્યવસ્થા કરી લઈશ. માટે દયા કરી મારી સેવા સ્વીકારો. મારી કોઈ ચિંતા ન કરો. જલદી મંદિર ઉપર નળિયાં ગોઠવી દઈએ; નહિ તો વરસાદ આવી જશે."

વીરા ભગતની આવી પોતાપણાની બુદ્ધિથી સદ્. વજાનંદ સ્વામી રાજી થઈ ગયા. વીરા ભગતે મોટાપુરુષના દુઃખને પોતાનું દુઃખ ગણી લીધું. પોતાના સ્વસુખનો કે ઘરનો પણ કોઈ વિચાર કર્યો નહીં.

મોટાપુરુષ અનંતને સુખિયા કરવા માટે આ બ્રહ્માંડમાં પધારે છે ત્યારે તેમના અવરભાવનું જતન કરવું એ શિષ્ય તરીકેની આપણી પહેલી ફરજ છે.

ડિસેમ્બર, ૨૦૧૧માં આદર્શ યુવકો માટે ચાર-દિવસીય પ્રથમ 'આદર્શ યુવા કેમ્પ'નું આયોજન સ્વામિનારાયણ ધામ પર કરવામાં આવ્યું હતું. કેમ્પ પૂર્વેના દિવસોમાં ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની અવરભાવની તબિયત નાદુરસ્ત હતી. તબિયત વધુ નાદુરસ્ત બનતાં આગલા દિવસે જ કેમ્પ કેન્સલ કરવો પડ્યો. યુવકોને સમાચાર મળ્યા કે ગુરુજીની નાદુરસ્ત તબિયતના કારણે કેમ્પ કેન્સલ થયો છે. ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી પણ કેમ્પ કેન્સલ થવાથી ખૂબ વ્યથિત થયાના ભાવ દર્શાવતા હતા.

એક કિશોરે ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીને પ્રાર્થનાપત્ર લખ્યો હતો કે, "સ્વામીશ્રી, આપ કેમ્પ કેન્સલ કર્યા બદલ કોઈ ખેદ ન અનુભવશો. કેમ્પ તો ફરી થશે ત્યારે અમે બધા જરૂરથી આવીશું. કદાચ નોકરીમાં રજા નહિ મળે તો નોકરી છોડી દઈશું, પરંતુ અત્યારે હાલ આપ આપની અવરભાવની તબિયત સાચવશો. અમારી કોઈ પ્રકારની ચિંતા આપ ન રાખશો. બસ, અમારા સૌ ઉપર રાજી રહેશો."

આ મોટાપુરુષના સુખે સુખી અને દુઃખે દુઃખી થયેલાના અંતરના ઉદ્‌ગાર છે. જ્યાં પોતાપણાની આત્મબુદ્ધિ થાય ત્યાં પોતાનું ધન, ધાન, કુટુંબ, પરિવાર, પોતાનું સર્વસ્વ ન્યોછાવર થઈ જાય. પોતાનાં શોખ, ઇચ્છાઓ, અભરખાઓ, દેહનું સુખ... આ બધું મોટાપુરુષના સુખમાં ગૌણ થઈ જાય.

**મોટાપુરુષના સુખે સુખી અને દુઃખે દુઃખી થવા માટે શું કરીશું ?**

**૧. સંકલ્પો અધ્ધર ઝીલીને જીવન બદલીએ.**

મહારાજ અને મોટાપુરુષ પોતાના ઠેઠના સંકલ્પોને લઈને આ બ્રહ્માંડમાં પધારતા હોય છે. આ સંકલ્પોને અધ્ધર ઝીલનાર કોઈ ન હોય અને પોતાના સંકલ્પોને સમાધાન કરી પાછા ખેંચવા પડે એ જ મોટાપુરુષનું સૌથી મોટું દુઃખ હોય છે. વ્હાલા ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી આપણને સૌને શ્રીજીમહારાજનાં વ્હાલા પાત્રો તૈયાર કરવા વિવિધ સંકલ્પો આપી રહ્યા છે. જેવા કે, સ્વવિકાસના આગ્રહી થવું, નિજદર્શન કરવું, ગુણલેખન કરવું, ફૅમિલિ ટાઈમ સભા કરવી, તન-મન-ધનથી સેવા કરવી. મોટાપુરુષના મુખે વહેતા આ સંકલ્પોમાં આપણે પણ સાથે સાથે ચાલવું. મોટાપુરુષને એમના અવરભાવના દેહના દુઃખ કરતાં પણ આ સંકલ્પ પૂર્ણ ન થાય તેનું દુઃખ અતિશે લાગે છે. માટે એમના સુખે સુખી અને દુઃખે દુઃખી થવા આપણા જીવનની કરવટ બદલીએ અને એમના સંકલ્પ મુજબનું જીવન કરીએ.

**૨. સેવામાં સહભાગી થવું.**

સત્સંગનો વ્યાપ વધતાં મહારાજના સંકલ્પે નૂતન મંદિરો સર્જાતાં જાય છે. અનેક મુમુક્ષુ જીવો સત્સંગમાં આવતા જાય છે ત્યારે મોટાપુરુષને મંદિરની સેવા, સત્સંગ પ્રચારની સેવા તથા સમૈયા-ઉત્સવોની સેવાની ચિંતા રહેતી હોય તો આપણે મહારાજ અને મોટાપુરુષના છીએ ત્યારે એમની ચિંતા આપણે ઉપાડી લઈએ. આપણાથી શક્ય હોય તેટલી મંદિરની કે સત્સંગની દૈહિક કે કોઈ પણ સેવા કરીએ. સમયનો પણ ભોગ આપીએ. એ પણ આપણી પોતાપણાની બુદ્ધિ છે.



ગુરુનો તાપ શિષ્યના સંતાપને હરી લે છે.



**૩. મોટાપુરુષને ભીડો ન આપીએ.**

આપણા વ્યવહારિક જીવનમાં આવતા પ્રશ્નોનું સમાધાન આપણી મેળે કરીએ. મોટાપુરુષ અનંતાનંત જીવોને મૂર્તિના સુખે સુખિયા કરવાના સંકલ્પથી આ બ્રહ્માંડમાં પધાર્યા છે. ત્યારે એમનો એ હેતુ બર આવે તેવા પ્રયત્નો કરીએ.

સભામાં, મંદિરમાં કે સમૈયા-ઉત્સવોમાં મોટાપુરુષને આપણું સાચવવું પડતું હોય, આપણને માન-સન્માન આપવાં પડતાં હોય, આપણી કોરની એમને ચિંતા રહેતી હોય તો એ મનનો ભીડો છે. મોટાપુરુષને આપણી કોરની નિશ્ચિંતતા અપાવીએ.

સમૈયા પ્રસંગોમાં પણ મોટાપુરુષના અવરભાવનું જતન કરીએ. મોટાપુરુષના જમાડવાના, આરામના સમયનો પણ આપણે ખ્યાલ કરીએ.

પોતાપણાની આત્મબુદ્ધિ દૃઢ કરવા માટે આપણા સ્વજીવનમાં રહેતી કસરને ઓળખીએ અને એને ટાળીએ એ જ એમના સુખે સુખી અને દુઃખે દુઃખી થયા કહેવાઈએ.

**૪. મોટાપુરુષનું જતન કરવું.**

અનંત જીવહિતાર્થે મોટાપુરુષ પોતાના અવરભાવની પણ પરવા કર્યા વગર સતત વિચરણ કરતા હોય છે ત્યારે શિષ્ય તરીકે મોટાપુરુષનું પાંચ પ્રકારે જતન કરવું એ આપણી ફરજ છે. મોટાપુરુષ પરભાવનું જ સ્વરૂપ હોવા છતાં અવરભાવમાં મનુષ્યને મનુષ્ય જેવાં દર્શન આપતા હોય અને અવરભાવના દેહની લીલા કરતા હોય ત્યારે તેમના માટે દવા લાવવી, તેમની સેવા કરવી. આપણા દેહની જેમ શુશ્રૂષા કરીએ તેમ મોટાપુરુષના અવરભાવની પણ કરવી; ક્યારેય અવહેલના ન થવા દેવી. મોટાપુરુષના મુખે બોલનારા સ્વયં મહારાજ છે માટે એમના મુખેથી નીસરતી આજ્ઞાને અધ્ધર ઝીલી એમના વચનનું જતન કરવું. મોટાપુરુષે આપણને પ્રત્યક્ષ કોઈ રુચિ દર્શાવી હોય અથવા તો કોઈને નિમિત્ત કરીને કોઈ રુચિ દર્શાવી હોય તો તેને આપણા જીવનમાં આત્મસાત્ કરીને એમની રુચિનું જતન કરવું.

મોટાપુરુષ અવરભાવમાં કદાચ કોઈ મનુષ્યચરિત્ર કરે તોપણ તે પરભાવનું સ્વરૂપ જ છે આવું એમનું પરભાવી મહાત્મ્ય આપણા હૈયામાંથી કદી ખસવા ન દેવું એ પરભાવનું જતન છે. મોટાપુરુષના મુખે વહેતા સંકલ્પો પ્રમાણે આપણું જીવન કરીએ, એમના સંકલ્પમાં સહભાગી થઈએ એ એમના સંકલ્પોનું જતન છે. મોટાપુરુષનું આ પાંચ પ્રકારે જતન કરીને સાચું ગુરુપૂજન કરીએ...



# ગુરુજીમાં આયખું ઓગાળવું

અધ્યાત્મ માર્ગમાં કે વ્યવહાર માર્ગમાં પ્રગતિ ઇચ્છનાર દરેક વ્યક્તિએ કોઈકની તો શરણાગતિ સ્વીકારવી જ પડે. શરણાગતિ એટલે જ પોતાની ન્યૂનતાનો સ્વીકાર અને સામેનાની મહાનતાનો સ્વીકાર. જ્યાં પોતાની ન્યૂનતા અને સામેનાની મહાનતાનો સ્વીકાર થાય ત્યાં આપમેળે પોતાનું ગમતું મુકાઈ જાય; મૂકવું ન પડે.

પરોક્ષના એક મહાન ગુરુ લિહત્ઝુ પાસે એક શિષ્ય શરણાગતિ સ્વીકારવા આવેલા. તે શિષ્યએ એક પ્રશ્ન પૂછ્યો. લિહત્ઝુએ કહ્યું, "સમય આવે ત્યારે જવાબ આપીશ." એક વર્ષ શિષ્યે રાહ જોઈ પણ જવાબ ન મળ્યો. શિષ્યનાં શ્રદ્ધા-વિશ્વાસ મરી પરવાર્યાં. તેથી તે શિષ્ય લિહત્ઝુને છોડી બીજા ગુરુ પાસે ગયા. માંડીને વાત કરી. અન્ય ગુરુએ કહ્યું, "લિહત્ઝુ જેવા મહાન ગુરુ પાસેથી પણ જો તું ખાલી રહીને આવ્યો છે તો તને કોણ ભરી શકશે ? તું પાત્ર નથી. અહીંથી પણ તને કાંઈ મળી શકશે નહીં."

તે શિષ્ય લિહત્ઝુ પાસે પાછો ફર્યો. ત્યારે તે શિષ્યને બેસાડી તેઓએ કહ્યું, "હે વત્સ, ગુરુ જવાબ ન આપે પણ ગુણ વિકસાવે. હું જ્યારે મારા ગુરુ પાસે ગયો હતો તો પ્રથમ ત્રણ વર્ષ ગુરુ બધા સાથે બોલતા પણ મારી સામે પણ જોયું ન હતું; તો પ્રશ્ન પૂછવાનો તો અવકાશ જ ક્યાંથી હોય ? રાહ જોતાં જોતાં ત્રણ વર્ષ પછી એક દિવસ તેમણે મારી સામે જોયું. હું રાજી થઈ ગયો. બીજાં ત્રણ વર્ષ બાદ તેમણે મારી સામે જોઈ મીઠું સ્મિત રેલાવી આંખ બંધ કરી દીધી. મારા આનંદની કોઈ સીમા ન રહી. ફરી ત્રણ વર્ષ બાદ એક દિવસ અચાનક મારી પાસે આવી હૃદયસરસો ચાંપી મારા માથે હાથ મૂકી બોલ્યા, 'વત્સ, તું જા. તારી સાધના સમાપ્ત થઈ. તું જાગી ગયો છું. હવે બીજાને જગાડ.' આ નવ વર્ષમાં ગુરુએ મારો અહંકાર મરોડ્યો. મને આત્મકલ્યાણનો પ્યાસી બનાવ્યો. ગરજુ અને ગુલામ બનતા શીખવ્યું. ગુરુ અને ગુરુ સાંનિધ્યનું મૂલ્ય સમજાવ્યું. જ્યારે તું એક વર્ષ રહ્યો પરંતુ એક દિવસ પણ શાંત ન રહ્યો. તારે મન ગુરુ કરતાં પ્રશ્નનો ઉત્તર મહત્ત્વનો હતો."

સો ટકાની સાચી વાત છે. બુદ્ધિના ડોડ મૂકી ગુરુ આગળ ગરજુ થયા વિના શિષ્યત્વનો નિખાર આવે જ નહીં. અધ્યાત્મ માર્ગે મોક્ષભાગી મુમુક્ષુ શિષ્ય ગુરુનો વેચાણ બનીને રહે ત્યારે ગુરુના અંતરનો રાજીપો પ્રાપ્ત થતો હોય છે. કારણ કે વેચાણ થઈ રહે તેમાં પોતાનું ગમતું મૂકી, ગુરુ ગમતા પ્રમાણે વર્તવાનું હોય છે. તેમાં અહમ્‌શૂન્ય થવાનું હોય છે. ગુરુગમતામાં શિષ્યે ધજાની પૂંછડીની જેમ ફરકવાનું હોય છે. ગુરુ આગળ મનગમતું મૂકી, ગુરુ મરજીમાં વર્તે તેવા શિષ્યના જીવનને ધજા અને પવન સાથે સરખાવતાં શ્રીજીમહારાજે કહ્યું છે કે,

"જેમ પવનની દિશા અનુસાર ધજા વારંવાર વહેવાની દિશા બદલે છે. તેમ ભક્ત પણ પોતાનું ધાર્યું મૂકી ભગવાન ને સંત કહે તે દિશા પકડી રાખે તે સર્વે ભક્તોમાં શિરદાર છે, મોટો છે." -શ્રીહરિચરિત્રામૃતસાગર : પૂર-૬, તરંગ-૫

અહીં મહારાજે ધજા અને પવનના દૃષ્ટાંત દ્વારા સરળ શિષ્યજીવનનું સાદૃશ્ય વર્ણન કર્યું છે.

ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી કહેતા હોય છે કે, "આપણે તો માત્ર ધજા જેવા નહિ પણ ધજાની પૂંછડી જેવા થવું. એટલે કે પોતાનું કોઈ જ પ્રકારનું અસ્તિત્વ જ ન રાખવું." પવનની સહેજ લહેર આવે તો કદાચ ધજા ન ફરકે; ધજાની પૂંછડી તો તરત પટપટે. સપાટાભેર પવનમાં ફરકતી ધજાને નિહાળીને જોતાં ધજા કરતાં તેની પૂંછડી વધુ ફરકતી હોય છે. આ જ તેની પવનની દિશામાં વહેવાની વિશેષતઃ તત્પરતા, ઉત્સુકતા.

ધજા પવનને સંપૂર્ણ શરણાગત થઈ ગઈ હોય છે. એને પોતાની કોઈ દિશા નથી કે નથી પોતાની કોઈ ગતિ. બસ, પવનની દિશા એની દિશા, પવનની ગતિ એ જ એની ગતિ. ધજાની આવી સરળતાને કારણે જ એનું સ્થાન હંમેશાં સૌથી ઉપર હોય છે. મંદિર હોય કે દેશ હોય પરંતુ તેના પ્રતીક રૂપે ધજા જ શોભા આપે છે અને એ પણ સૌથી ઊંચે ફરકતી રહીને.

આવા ધજાની પૂંછડીની જેમ વર્તતા શિષ્યના હૃદયમાં કેવા વિચારો સતત રમણ કરતા હોય ? તો 'ગુરુ એ જ મારું જીવન છે ! ગુરુની આજ્ઞા એ જ મારું સર્વસ્વ ! ગુરુ રાખે તેમ રહેવું છે. તવ મરજીમાં વ્હાલા નિત્ય રહેવાય, ગમતું અમારું કદીએ ન થાય.' આવા શરણાગત શિષ્ય જ ગુરુના હૃદય સિંહાસનમાં સ્થાન પામી ગુરુની શોભા વધારી શકે છે.

ગુરુદેવ પ.પૂ. બાપજી આગળ સંપૂર્ણ શરણાગત થઈ ઉત્તમ શિષ્યત્વનું ઉદાહરણ પૂરું પાડનાર વ્હાલા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી ઘણી વાર કહેતા હોય છે કે, "૧૦૦૦ પ્રાર્થનાના સંગ્રહમાંથી જો મને કોઈ પ્રાર્થના પસંદ કરવાની કહે તો હું 'આપના તે આભમાં...' આ જ પ્રાર્થના પસંદ કરું. કારણ કે આ પ્રાર્થના એ મોટાપુરુષ સાથે અહોભાવની આત્મબુદ્ધિની દુનિયામાં આપણને ડુબાડી દે છે. સ્વઅસ્તિત્વને ગુરુઅસ્તિત્વમાં સમાવવાની દિશા પ્રેરે છે. ગુરુની આગળ વેચાણ બની રહેવાનો ખપ-ગરજ જગાવે છે." આ પ્રાર્થનાના

ગુરુ કસોટી લઈ શિષ્યના અહમ્‌ને લસોટી નાંખે છે.

શબ્દો દ્વારા આપણે પણ આત્મબુદ્ધિની દુનિયામાં પ્રવેશી ખરા અર્થમાં ગુરુપૂજન કરવાની રીત શીખીએ.

**મળેલા દિવ્ય સત્પુરુષ વ્હાલા ગુરુજીને અંતરના આર્તનાદ સાથે પ્રાર્થીએ.**

"આપના તે આભમાં હું નાનું પારેવડું,
આપના ઈશારે ઊડી જાવું;
આપનાં વચન મારા જીવનનો રાહ છે,
આપની રુચિમાં જીવી જાવું."

વિશાળ આભમાં અનેક પક્ષીઓ વિહરતાં હોય; તેમાં એક નાનકડા પારેવડાની શી વિસાત ! એક પારેવડાનું ક્યાં સ્થાન ? શું અસ્તિત્વ ? ગુરુજી, આપશ્રી વિશાળ આભ સમાન છો. એમાં અમે એક પારેવડા જેવા છીએ. આપશ્રીની આગળ અમારું શું સ્થાન ? બસ, આપશ્રીનો ઈશારો, આપશ્રીનું વચન અને આપશ્રીની રુચિ જ અમારા જીવનનો રાહ છે.

આવી એમની વિરાટતા અને આપણી વામનતાના વિચારે અહોભાવમાં રાચ્યા કરીએ.

એક વખત શ્રીજીમહારાજ ધોરાજીમાં શામજી કુંભારને ત્યાં પધાર્યા હતા. ભક્તરાજે થાળ કરી મહારાજને જમાડવા બિરાજમાન કર્યા. ત્યાં જ સંદેશો આવ્યો કે, ગોંડલ નરેશ હઠીસિંહ બાપુ મહારાજનાં દર્શન કરવા પધારે છે. શામજી કુંભાર તો હાંફળાફાંફળા થઈ ગયા. મહારાજને કહ્યું, "મહારાજ, આ ગોંડલ નરેશને નાનકડા ઘરમાં ક્યાં બેસાડીશ ?" બહાર આવી પહોંચેલા ગોંડલ નરેશ આ વાર્તાલાપ સાંભળતાં જ બોલી ઊઠ્યા, "શામજી કુંભાર, તમે ચિંતા ન કરો. જે કૂબામાં હાથી સમાઈ શકે એમાં કીડી નહિ સમાઈ શકે ?" આ ઉદ્‌ગાર સરી પડ્યા કારણ કે ગોંડલ નરેશને પોતાની અલ્પતા અને મહારાજની વિરાટતાનો અહોભાવ હતો. એમ અનંતકોટિ બ્રહ્માંડ જેમના આધારે ચાલે છે એવા સમર્થ ભગવાન સ્વામિનારાયણ જેમના સંપૂર્ણ કર્તા છે એવા દિવ્ય સત્પુરુષ વ્હાલા ગુરુજીનાં દર્શન, સેવા, સમાગમ, સ્પર્શ, વ્હાલનું સુખ અમ સુધી હોય જ ક્યાંથી ?? આવા અહોભાવમાં આપણે પણ ગરકાવ બની રહીએ.

"આપની ઈચ્છામાં આયખું ઓગાળવું,
આપ ચાહો એમ મારે રહેવું;
દાસ તણો દાસ થઈ આપમાં હોમાઈ જવું,
દિવ્યજીવન આપમાંથી લેવું."

બરફ ઓગળીને પાણી બને છે પછી એનું કોઈ સ્વરૂપ રહેતું નથી. જેવા પાત્રમાં ભરો તેવું તે સ્વરૂપ લઈ લે છે. તેમ ગુરુજી, આપશ્રીની ઈચ્છામાં અમે જીવન પસાર કરીએ. પોતાનું કોઈ અસ્તિત્વ જ ન રાખીએ. આપશ્રીના સંબંધવાળા સંતો-ભક્તોના પણ દાસ થઈ રહીએ. આપશ્રીના દિવ્યજીવનમાંથી પ્રેરણા મેળવી એ મુજબનું જીવન કરીએ એવું ગરજુપણું બક્ષો.

"વેણુ બનવું છે મારે આપના અધર તણી,
આપના જ સૂર હું રેલાવું;
મૂર્તિમાં રસબસ રાખો મારા સ્વામી,
મહિમા વિચારે ડૂબી જાવું."

વાંસળી વગાડનાર જ્યારે જેમ તેને વગાડે ત્યારે તેમ તે વાંસળી વાગે છે. તેને પોતાના કોઈ સૂર નથી. વાંસળી વગાડનારને સંપૂર્ણ શરણાગત થઈ જાય છે. તેમ અમે પણ જીવનમાં કોઈ ઠરાવ ન રાખીએ. ગુરુજી, આપશ્રી જેમ રાખો, જ્યાં રાખો તેમ રહેવું છે. મહારાજ અને આપશ્રીનું ગમતું એ જ અમારા જીવનનો સૂર બનાવી દેવો છે.

"દીન બાળક હું આપનો ગુલામ બની,
રાજીપો આપનો કમાઉં;
મારગ પણ આપ મારી મંજિલ પણ આપ છો,
મારે આપ વડે આપમાં સમાવું."

હે ગુરુજી ! અમે આપશ્રીના ગુલામ કહેતાં વેચાણ બની રહીએ. આપશ્રી જેમ, જ્યાં, જેવી રીતે અમારો ઉપયોગ કરવો ઘટે ત્યાં કરજો. આપશ્રી જ અમારો માર્ગ બની મૂર્તિસુખની મંજિલ સુધી પહોંચાડજો.

પહેલાંના જમાનામાં ગુલામી પ્રથા હતી. ત્યારે એક શેઠ ગુલામ લાવ્યા. ગુલામને પૂછ્યું કે, "તારું નામ શું ?" તો કહ્યું, "પાડો તે." બીજો પ્રશ્ન પૂછ્યો, "તું રહીશ ક્યાં ?" તો કહ્યું, "રાખો ત્યાં." ત્રીજો પ્રશ્ન પૂછ્યો, "જમીશ શું ?" તો કહ્યું, "આપશો તે." ચોથો પ્રશ્ન પૂછ્યો, "તું કરીશ શું ?" ત્યારે કહ્યું, "તમે કહેશો તે." શેઠ ગુલામના આવા જવાબ સાંભળી અચંબામાં પડી ગયા. શેઠે કહ્યું, "તું તારી પસંદગીનું કંઈક તો કહે." ગુલામે ગરીબ વચને એટલું જ કહ્યું, "શેઠ, હું તો આપનો ગુલામ છું. ગુલામને તો શેઠ કહે તેમ જ કરવાનું હોય. હું તો તમારો વેચાણ છું."

મોટાપુરુષના આપણે આવા ગુલામ (વેચાણ) થઈને રહીએ તો કદી તેમના વચનમાં, ક્રિયામાં સંકલ્પ ન થાય. એમનો સંકલ્પ, એમની દુનિયા એ જ આપણી દુનિયા બની જાય.

શ્રીજીમહારાજે સદ્. બ્રહ્માનંદ સ્વામી આદિ ચાર સદ્‌ગુરુને


સાંભળેલા, વાંચેલા કરતાં સ્વાનુભવનું પ્રમાણપત્ર શ્રેષ્ઠ છે.

બોલાવી કહ્યું, "સંતો, અમારે તમને ગઢપુરની બજારમાં એક એક પૈસામાં વેચી દેવા છે." સદ્‌ગુરુ સંતો વિનમ્રભાવે હાથ જોડીને બોલ્યા, "મહારાજ ! અમે તો આપના દામ વગરના દાસ છીએ. જેમ આપ રાજી હોય તેમ કરો."

મહારાજે આવી લીલા શા માટે કરી ? શું સંતો દામ વગરના હતા ? ના. પરંતુ આપણને શીખવવા કે મહારાજ અને મોટાપુરુષની આગળ તો હંમેશાં એમના ગુલામ થઈને જ રહેવું. આપણે ગુલામ થઈશું તો જ આપણા માલિક જે મહારાજ અને મોટાપુરુષ એમને આપણા ઉપર હેત રહેશે. આપણને તો એમના ઉપર હેત હોય પરંતુ એમને આપણા ઉપર કેટલું હેત છે એ મહત્ત્વનું છે. આપણે તો એમની સાથે શું આત્મબુદ્ધિ કરીએ ? એ આપણી સાથે સામે ચાલી આત્મબુદ્ધિ કરે. એ દુનિયા અલૌકિક છે. આવી આત્મબુદ્ધિની અલૌકિક દુનિયાનો અલૌકિક મહિમા સદ્. ગુણાતીતાનંદ સ્વામીએ વાતોમાં કહ્યો છે કે, "સંતનો સમાગમ છે એ શ્રીજીમહારાજ સાથે સંબંધ કર્યા બરાબર છે. જ્યારે મોટાપુરુષ સાથે આત્મબુદ્ધિ કરવી તે લગ્ન કર્યા બરાબર છે."

આ લોકમાં જેમ કોઈ સ્ત્રીનો માત્ર સંબંધ થવાથી તેના પતિનું બધું એનું થઈ જતું નથી. જ્યારે એ એના પતિ સાથે લગ્ન કરે છે ત્યારે જ એના પતિનું બધું જ એનું થઈ જાય છે. કુટુંબ-પરિવાર, માલ-મિલકત તથા સંબંધો બધું એના પતિનું જેટલું છે તે બધું એ સ્ત્રીનું થઈ જાય છે. તેમ માત્ર ગુરુજીનો સમાગમ કરીએ એનાથી મૂર્તિનું સુખ ન મળે. એ તો ગુરુજી સાથે આત્મબુદ્ધિ થાય તો સહેજે મૂર્તિસુખના અનુભવી થવાય. અને મૂર્તિ આવી એટલે બાકી શું રહ્યું ? ગુરુજી જોડે એક જ અમૂલ્ય વસ્તુ છે ને એ છે મહારાજની મૂર્તિ; તેના વારસદાર થઈ જવાય.

સ્ત્રી લગ્ન પછી પતિગૃહે પ્રવેશે ત્યારથી જ એના ગમતા ઉપર પૂર્ણવિરામ મુકાઈ જાય છે અને પતિનું ગમતું એ જ એનું ગમતું થઈ જાય છે. જીવન પર્યંત પતિની વેચાણ બનીને રહે છે. એમ આપણે પણ વ્હાલા ગુરુજી સાથે આત્મબુદ્ધિ કરી એમનું ગમતું આપણું ગમતું કરી ધજાની પૂંછડી જેવા થઈ રહેવું.

### ● જીવનમાં ધજાની પૂંછડી જેવા થવા શું કરવું ?

**૧. મનમુખી સ્વભાવોને ઓળખીને ટાળીએ.**

આપણા વ્યવહારિક જીવનના પ્રશ્નો આપણે ગુરુજી આગળ રજૂ કરીને એમની રુચિ-અરુચિ જાણ્યા પછી આપણા ઠરાવો મૂકી દઈએ. આજ્ઞા કરે એ પ્રમાણે સરળ થઈ જઈએ.

સભા કે શિબિર હોય અથવા મંદિરના નાના-મોટા પ્રોગ્રામોની સેવા હોય ત્યારે ગુરુજી ને સંતોની આજ્ઞાએ આપણા ટીવી-સિરિયલ જોવાના, બહાર ફરવા જવાના કે અન્ય કોઈ શોખને જતા કરી સરળ થઈ જઈએ. એમની આજ્ઞાને અધ્ધર ઝીલીએ. આ ઉપરાંત મંદિરની કે સત્સંગ વિકાસની કોઈ પણ નાની-મોટી સેવાઓમાં આપણે આપણું ગમતું ને ઠરાવો મૂકી દઈ એમના ગમતાનો ને રાજીપાનો વિચાર રાખીને વર્તીએ.

**૨. આજ્ઞામાં ઉત્સાહથી ભેગા ભળીએ.**

ગુરુજી કે સંતો તનની કે ધનની કોઈ પણ સેવાની આજ્ઞા કરે તો તેમાં ઉત્સાહથી ભેગા ભળીએ. કેટલીક વાર આપણા સમોવડિયા કે આપણાથી નાનાને વધારે સેવાના નિમિત્ત કરે કે આપણા ઉપરી પદે સેવા સોંપે ત્યારે આપણે તેનો સરળતાથી સ્વીકાર કરીએ. ક્યારેય આપણે સેવાની ના ન પાડીએ. તો પછી વિરોધાત્મક વાતાવરણ તો સર્જાય જ કેમ ? રાજીપાના માર્ગે ધજાની પૂંછડી જેવા થવા મહારાજ અને ગુરુજી જે કંઈ આજ્ઞા કરે, અરે, એમની આજ્ઞાથી સંતો પણ જે કંઈ આજ્ઞા કરે તેમાં ઉત્સાહથી ભેગા ભળીએ. એમને સેવામાં નિશ્ચિંત કરીએ. સેવામાં સહકાર આપી એમને મદદરૂપ થઈએ. સંતોની આજ્ઞાએ હરિભક્તોની તનથી કે ધનથી સેવા કરવાની થાય તોય ઉત્સાહથી કરીએ.

**૩. ગુરુજીએ દર્શાવેલી અલ્પ રુચિનો પણ અમલ કરીએ.**

દૈનિક જીવન બાબતે શ્રીજીમહારાજે શિક્ષાપત્રીમાં દર્શાવેલી અને ગુરુજીએ દર્શાવેલી રુચિને પણ આપણા વર્તનમાં વણી લેવી. જેવી કે, સૂર્યોદય પહેલાં ઊઠવું, નિત્ય મંદિર દર્શન કરવાં, પાંચેય માનસીપૂજા કરવી, સભામાં કે મંદિરમાં મોબાઇલ બંધ રાખવો. આ ઉપરાંત, ગુરુજીએ આપણા વ્યવહારિક કે આધ્યાત્મિક જીવનમાં કોઈ રુચિ દર્શાવી હોય તો આંખ આડા કાન ન કરીએ. એનું આપણા જીવનમાં મહત્ત્વ સમજી અમલીકરણ કરીએ. બસ, જે ગુરુજીનું ગમતું છે એ આપણું અમૃત કરી દઈએ અને એમને ન ગમે તે ઝેર બનાવી દઈએ.

**૪. ગુરુના સંબંધવાળા આગળ ગરજુ થઈ રહીએ.**

આપણને ગુરુમાં હેત છે, ગુરુમાં દિવ્યભાવ છે પરંતુ ગુરુના છે તેમનામાં હેત કે દિવ્યભાવ નથી તો એ ખરેખર ગુરુનો મહિમા નથી; મહિમાનો આડંબર છે. ગુરુનો મહિમા હોય તેને ગુરુના સંબંધવાળા સંતો-ભક્તોનો માથા સાટે મહિમા હોય જ. ગુરુની ગરજ હોય એ સંબંધવાળા સંતો-ભક્તો આગળ પણ ગરજુપણે વર્તે જ. એક જ વિચારથી – આ કોના સંબંધવાળા

છે ? મારા ગુરુના સ્વીકારેલા છે. ગુરુનું સિલેક્શન કાંઈ જેવું તેવું ન હોય. કદાચ અવરભાવમાં કોઈ સ્વભાવ-પ્રકૃતિનાં દર્શન થતાં હોય તોપણ તે મારા ઘડતર માટે જ છે. પરભાવમાં તો તે મૂર્તિ સ્વરૂપ અનાદિમુક્ત જ છે. ગુરુનો ગરજુ શિષ્ય સ્વભાવને નહિ, સંબંધને જુએ; સ્વભાવને નહિ, સિલેક્શનને જુએ; સ્વભાવને નહિ, સ્વરૂપને જુએ.

વ્હાલા ગુરુજી ગુરુદેવને રાજી કરવા તેમની આગળ તો ગરજુ થઈ વર્ત્યા છે પરંતુ ગુરુદેવના સંબંધવાળા નાનામાં નાના સંતો-હરિભક્તોને રાજી રાખવા પણ આખી જિંદગી ઘસાઈ ગયા છે. પોતે સૌની આગળ દાસ થયા છે, પોતે નમ્યા છે, બેગરજુ આગળ પોતે ગરજુ થયા છે. એક જ વિચારથી – કોના સંબંધવાળા છે ? ગુરુદેવ કાયમ કહેતા, "સ્વામી, તું બધાની મરજીમાં રહે છે એટલે બધાને પાલવી શકે છે." હવે આપણે ગુરુજીના જીવનમાંથી પ્રેરણા લઈ અરસપરસ આત્મીયતાથી જોડાઈને રહીએ તો ગુરુજીના હૈયે સદૈવ હાશ વર્તે.

સત્સંગમાં-સેવામાં આપણી વૃદ્ધિ થાય તે માટે ગુરુજીના સંબંધવાળા પૂ. સંતો આપણને રોકે-ટોકે, બે શબ્દ કહે, નિયમમાં વર્તાવે તો રાજી થવું કે મારા ગુરુજીના સંબંધવાળા સંતો દ્વારા મને સ્વયં ગુરુજી લાભ આપે છે. ગુરુજીના સંબંધે પૂ. સંતોની આજ્ઞા-વચન અધ્ધર ઝીલવાં. ઐસીતૈસી ન થવા દેવી.

સત્સંગમાં હરિભક્તો કે પરિવારના સભ્યોમાં સ્વભાવ દેખાય તોય મારા ગુરુજીએ સ્વીકારેલા છે એ વિચારે સૌની આગળ ગરજુ થઈ દાસભાવ રાખવો. દિવ્યભાવે સૌની સેવા કરવી.

ગુરુપૂર્ણિમાના દિવ્ય પર્વે મહારાજ, બાપાશ્રી અને ગુરુદેવ પ.પૂ. બાપજી અને વ્હાલા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીના દિવ્ય ચરણોમાં પ્રાર્થના કરીએ કે,

"વેચાણ તમારા સદા બની રહેવાના,
હૈયે તમારા સદા વસી જવાના,
કર જોડી પ્રાર્થું હું તવ ચરણોમાં,
ડગલા માંડું હું તવ દુનિયામાં,
આ સેવક તમારા છે, તમારા રહેવાના."

## ચાતુર્માસના વિશેષ નિયમ-૨૦૨૪

### શ્રીજીમહારાજ અને ગુરુજીને રાજી કરવા ચાતુર્માસ દરમ્યાન નીચેના નિયમો લઈએ :

- **ઓછામાં ઓછા ત્રણ નિયમો લેવા**

૧. દરરોજ જ્ઞાન-ધ્યાન ચિંતનમાં લાભ લેવા માટે મંદિરે જઈશ. (ફરજિયાત)
૨. શ્રીજીમહારાજની મૂર્તિ આગળ ઉચ્ચ સ્વરે દરરોજ વાર મુજબની એક દૈનિક પ્રાર્થના કરીશ. (ફરજિયાત)
૩. દરરોજ એક 'વચનામૃત' અને એક 'બાપાશ્રીની વાત'નું વાંચન કરીશ.
૪. દર એકાદશીએ સંકલ્પ સભાનો અને પૂનમના સમૈયાનો પ્રત્યક્ષ અથવા ઑનલાઈન લાભ લઈશ.
૫. બજારુ ખાણીપીણીનો ત્યાગ કરીશ.
૬. મોબાઈલ-ઈન્ટરનેટનો વિવેકપૂર્વક ઉપયોગ કરીશ.
૭. ચાતુર્માસ/શ્રાવણમાસ દરમ્યાન બ્રહ્મચર્યનું પાલન કરીશ.
૮. પરિવારમાં આત્મીયતા રાખવા માટે અઠવાડિયે Family Time સભાનો અવશ્ય લાભ લઈશ.

### શ્રાવણમાસના વિશેષ નિયમ-૨૦૨૪ (બાળકો માટે)

- **ઓછામાં ઓછા ત્રણ નિયમો લેવા**

૧. અઠવાડિક બાળસભાનો લાભ લઈશ. (ફરજિયાત)
૨. દરરોજ માતાપિતાને ચરણસ્પર્શ કરીશ. (ફરજિયાત)
૩. માતાપિતા કે વડીલોની સામે નહિ બોલું ને જીદ નહિ કરું.
૪. મોબાઈલ-ઈન્ટરનેટનો વિવેકપૂર્વક ઉપયોગ કરીશ.
૫. શ્રીજીમહારાજની મૂર્તિ આગળ ઉચ્ચ સ્વરે દરરોજ વાર મુજબની એક દૈનિક પ્રાર્થના કરીશ.

**ચાતુર્માસ-શ્રાવણમાસ નિમિત્તે શ્રીજીમહારાજ અને ગુરુજીને રાજી કરવા સેવક ઉપર મુજબના નિયમ લે છે. તો મહારાજ, બાપા, ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીને પ્રાર્થના કે આ નિયમો પાળવાનું ખૂબ ખૂબ બળ આપે.**


ખાલીપો વલખાં મરાવે, પૂર્ણતા સ્થિર કરી ભર્યા કરે.

# હાલોલ ખાતે નૂતન એસ.એમ.વી.એસ. મંદિરનો દિવ્ય મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ




સર્વોપરી ભગવાન સ્વામિનારાયણના સંકલ્પથી મહાસમર્થ અ.મુ. સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામી પંચમહાલની ભૂમિ ઉપર ખૂબ વિચર્યા. તેમના સેવેલા સંકલ્પોને સાકાર કરવાનું બીડું ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ ઝડપ્યું. ઈ.સ. ૧૯૮૪થી શરૂ થયેલી આ સત્સંગ વિચરણ યાત્રા આજે પણ ચાલી રહી છે. હેડંબાની આ ભૂમિ પર બંને દિવ્ય સત્પુરુષોએ ૪૦-૪૦ વર્ષોથી અથાક દાખડા કરી નિયમ-નિષ્ઠાવાળા હજારો સત્સંગીઓની હારમાળા સર્જી છે. જેની ફલશ્રુતિ રૂપે હાલોલ શહેરને આંગણે નૂતન મંદિરનિર્માણનાં તોરણો મંડાયાં. સંવત ૨૦૮૦, જેઠ સુદ ત્રીજ ને તા. ૯-૬-૨૦૨૪, રવિવારના રોજ દિવ્ય મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવની વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની દિવ્ય નિશ્રામાં શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. આવો, તેની દિવ્ય સ્મૃતિઓને વાગોળીએ.





### સત્સંગની શરૂઆત

ગુરુદેવ પ.પૂ. બાપજી અવારનવાર ગોધર ખાતે સમૈયામાં પધારતા. દર્શને આવનાર તમામ મુમુક્ષુઓને આશીર્વાદ આપી સુખિયા કરતા. આ સમૈયામાં ગુરુદેવે વીરસીંગભાઈ શેલોત (જેઓ હાલોલમાં શિક્ષકની નોકરી કરતા) તથા ગોધરાવાળા મણિભાઈ નાથાભાઈ પટેલને આજ્ઞા કરી કે હવે હાલોલમાં સત્સંગની શરૂઆત કરો. પૂ. સંતો દર અઠવાડિયે સભા કરવા આવશે. તમારે તેમની સાથે જવાનું ને સત્સંગ કરાવવાનો. હાલોલમાં રામપુર પાદેડીવાળા અલ્પેશભાઈ રણછોડભાઈ પટેલના ભાડાના ઘરમાંથી સત્સંગની શરૂઆત થઈ. દર અઠવાડિયે સંતો પધારતા અને કથાવાર્તાનો લાભ આપતા. બે વર્ષ સભા થયા બાદ દિનેશભાઈ હીરાભાઈ પટેલને ત્યાં સભા સ્થળ ખસેડવામાં આવ્યું. વર્ષો સુધી પૂ. વિવેકસ્વામી, અન્ય સેવક સંતો તથા મનોજભાઈ પરષોત્તમભાઈ પટેલ, શૈલેષભાઈ વાળંદ, અલ્કેશભાઈ પટેલ, રાકેશભાઈ પટેલ, દીપકભાઈ હીરાભાઈ પટેલ (રામપુર પાદેડી), પ્રવીણભાઈ બાબુભાઈ પટેલ વગેરે જેવા ઘણા હરિભક્તોએ પાયાની સેવામાં ખૂબ બલિદાન આપ્યું. ધીમે ધીમે સમાજ વધવા લાગ્યો અને જમીન સંપાદનની જરૂર જણાવા લાગી.

### ગુરુજીની પ્રથમ સભા અને જમીન સંપાદન

પૂ. સંતો દ્વારા સત્સંગ વિચરણની સાથે જમીન સંપાદનની સેવા પણ ચાલી રહી હતી. એ અરસામાં (ઈ.સ. ૨૦૧૦માં) હાલોલ ખાતે રણછોડનગરમાં વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની પ્રથમ સભાનું આયોજન થયું. આસપાસના સર્વે હરિભક્તો દર્શન-આશીર્વાદનો લાભ લઈ સુખિયા થયા. વ્હાલા ગુરુજીને બે-ત્રણ જમીન બતાવ્યા બાદ અત્યારે જે જગ્યા છે ત્યાં દૃષ્ટિ કરવા માટે લઈ ગયા. અહીં પહેલાં આંબાવાડિયું હતું. વ્હાલા ગુરુજીની દૃષ્ટિ થતાંની સાથે જ મુખમાંથી ઉદ્‌ગારો સરી પડ્યા કે, “મહારાજને અહીં બિરાજમાન થવું છે.” ગુરુદેવ અને ગુરુજીની આજ્ઞા થતાં જ જમીન સંપાદનની પ્રક્રિયા પૂરી થઈ અને કારણ સત્સંગના પ્રચાર-પ્રસાર માટેની સેવા-પ્રવૃત્તિએ વેગ પકડ્યો.

### સત્સંગ કેન્દ્ર ઉદ્‌ઘાટન અને ગુરુદેવના આશીર્વાદ

સમય જતાં પૂ. સંતોના વિચરણની સાથે ગુરુદેવ પ.પૂ. બાપજી તથા વ્હાલા ગુરુજી પણ સત્સંગ વિચરણ અર્થે પધારતા. તા. ૧૦-૬-૨૦૧૨ના રોજ સત્સંગ કેન્દ્રનો ધામધૂમથી ઉદ્‌ઘાટન સમારોહ ઊજવાયો હતો. એ વખતે વ્હાલા ગુરુદેવે આશીર્વાદ વરસાવતાં કહ્યું હતું કે, “આ કણજરી (કંજરી) ગામ મહારાજની પ્રસાદીનું છે. આ ભૂમિ ખૂબ પવિત્ર છે. ગામમાં હાલની તારીખમાં પ્રસાદીનું મંદિર છે. આ જગ્યા પર પહેલાં આંબાવાડિયું હતું. જરૂર નંદસંતો અહીં પધારતા હશે અને વિસામો લેતા હશે અને એટલે જ આજે અહીં પ્રાણપ્યારા શ્રીજીમહારાજ મુક્ત મંડળે સહિત બિરાજમાન થયા છે. અહીં જે કોઈ દર્શન કરવા આવશે એને જરૂર મૂર્તિના સુખમાં રાખી લેશે.”

### શિલાન્યાસ સમારોહ અને નિર્માણકાર્ય :

ઈ.સ. ૨૦૧૯માં નૂતન શિખર હરિમંદિરના બાંધકામનો શિલાન્યાસ સમારોહ ઊજવાયો અને મંદિર નિર્માણકાર્યની શરૂઆત થઈ. અવારનવાર પૂ. સંતો તથા ક્યારેક ગુરુજી પણ







બાંધકામનું નિરીક્ષણ કરવા પધારતા. પ્રતિષ્ઠા ઉત્સવના થોડા સમય પહેલાં વ્હાલા ગુરુજીએ નિરીક્ષણ દરમ્યાન દીવાલ ચણવાની તથા કલર કરવાની સેવાનો લાભ આપી ઉપસ્થિત સૌ કોઈમાં આવી રહેલ મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ માટે નવા ઉત્સાહનો સંચાર કર્યો હતો. આખરે જેની સૌ કોઈ આતુરતાથી રાહ જોતા હતા તે ઉત્સવની ઘડીનો સમય આવી ગયો.

**મહાયાગ ઉત્સવ**

નૂતન મંદિર ખાતે દિવ્ય મૂર્તિપ્રતિષ્ઠા અન્વયે તા. ૯-૬-૨૦૨૪ ને રવિવારના રોજ સવારે ૭થી ૯ દરમ્યાન સ્વામિનારાયણ મહાયાગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મહાયાગમાં મુખ્ય યજ્ઞકુંડ સહિત ૧૫૦ યજ્ઞકુંડો ઉપર ૪૫૦ કરતાં વધુ યજમાન યુગલે લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

**છાબયાત્રા તથા નગરયાત્રા**


તા. ૯-૬-૨૦૨૪ના રોજ ઘનશ્યામ મહાપ્રભુને રાજી કરવા સવારે ૯થી ૧૨ દરમ્યાન છાબયાત્રાનું આયોજન ગોઠવવામાં આવ્યું હતું. યજમાન શ્રી મનોજભાઈ પરષોત્તમભાઈ પટેલના ઘરે વ્હાલા ગુરુજી પધાર્યા અને ભવ્ય છાબની આરતી તથા પૂજન થયા બાદ ગુરુજી હરિકૃષ્ણ મહારાજ સંગે નગરયાત્રા માટે બગીમાં બિરાજમાન થયા. પૂ. સંતો પણ અન્ય બગીમાં આ નગરયાત્રામાં જોડાયા. આ સમે ગગનભેદી જયનાદ તથા પૂજન સાથે નગરયાત્રાનો પ્રારંભ થયો. વ્હાલા ગુરુજી દર્શન કરનાર સર્વે નગરજનોને મૂર્તિસુખના કોલ આપી રહ્યા હતા. આ જ રીતે મહિલા વિભાગની છાબયાત્રા જયેશકુમાર છગનલાલ પંચાલને ત્યાંથી શરૂ થઈ હતી. આ યાત્રામાં ૨૫૦૦થી વધુ હરિભક્તોએ લાભ લઈ કૃતકૃત્યતા અનુભવી હતી.

**પ્રવેશદ્વાર ઉદ્‌ઘાટન સમારોહ**

નગરયાત્રા પૂર્ણ થયા બાદ દિવ્ય પ્રવેશદ્વાર ઉદ્‌ઘાટન સમારોહ યોજાયો હતો. વ્હાલા ગુરુજીએ હરિકૃષ્ણ મહારાજ સંગે નૂતન દ્વાર તથા બોર્ડ પર કુમકુમ વડે પૂજન કરી અનંત મુમુક્ષુઓ માટે આત્યંતિક કલ્યાણનાં દ્વાર ઉઘાડાં મૂક્યાં હતાં. આ સમે સમસ્ત પરિસર જયઘોષના નાદ સાથે ગુંજી ઊઠ્યું હતું.

**દિવ્ય મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ**

તા. ૯-૬-૨૦૨૪ ને જેઠ સુદ ત્રીજના રોજ મધ્યાહ્‌ન સમયે નૂતન મંદિરના સિંહાસનમાં દિવ્ય મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ ઊજવવામાં આવ્યો. મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે મહાપ્રભુ મુક્ત મંડળે સહિત બિરાજમાન થયા તે અન્વયે વ્હાલા ગુરુજીએ પ્રાર્થના કરી અને મહાપ્રભુએ સૌ ભક્ત સમાજને નવલાં દર્શન આપ્યાં. ત્યારબાદ મહાપ્રભુને રાજી કરવા મહાપૂજા કરવામાં આવી. વ્હાલા ગુરુજીએ પ્રતિષ્ઠિત મૂર્તિઓનું પૂજન, આરતી તથા છડીનો લાભ આપી આનંદ ઉત્સવ કરાવ્યો હતો. આ પ્રસંગે વ્હાલા ગુરુજીએ મહાસુખની યાચનાસભર ઉચ્ચ સ્વરે પ્રાર્થના કરાવી ભક્ત સમાજને દિવ્યાનંદમાં ગરકાવ કર્યો હતો. વળી, અનંત મુમુક્ષુઓ મહારાજના સંકલ્પના પાત્ર બને તેવા ફદલમાં આશીર્વાદ વરસાવ્યા હતા. ત્યારબાદ મૂર્તિપ્રતિષ્ઠા અન્વયે













યજમાનોએ મહાપ્રભુને રીઝવવા પૂજન તથા ઉપચાર વિધિમાં કંઠી, જનોઈ, થાળ, જળ, મુખવાસ તથા પુષ્પહાર અર્પણ કરવાનો લાભ લીધો હતો. મૂર્તિપ્રતિષ્ઠા બાદ વ્હાલા ઘનશ્યામ મહારાજ, અબજીબાપાશ્રી તથા સદ્‌ગુરુશ્રીઓને રીઝવવા તેમની સમક્ષ મિષ્ટાન્ન, ફરસાણ, સૂકામેવા, મુખવાસ તેમજ વિવિધ વાનગીઓનો અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો.

આજના દિને મુખ્ય યજમાન તરીકે કાંતિભાઈ મોહનભાઈ પટેલ પરિવારે લાભ લઈ રાજીપો પ્રાપ્ત કર્યો હતો.

### ઉત્સવ સભા તથા આશીર્વાદ

દિવ્ય મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ ઊજવાયા બાદ સભામંડપમાં દિવ્ય ઉત્સવ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. સભાના પ્રારંભે પૂ. વિવેકસ્વામીએ પ્રાસંગિક પ્રવચનમાં હાલોલ મંદિરના સત્સંગનો ઈતિહાસ વર્ણવ્યો હતો. આ પ્રસંગે પૂ. નિર્ગુણસ્વામીએ પણ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. ત્યારબાદ વ્હાલા ગુરુજીએ દિવ્યવાણી દ્વારા આશીર્વર્ષા વહાવી હતી અને મૂર્તિસુખના અધિકારી થવાની અનુભવાત્મક રીત જણાવી હતી. ત્યારબાદ વ્હાલા ગુરુદેવે વિડિયોના માધ્યમે દિવ્ય આશીર્વાદ વરસાવ્યા હતા. આમ, આ હાલોલ મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવમાં ૮૦૦૦થી વધુ ભાવિક ભક્તોએ દર્શન-આશીર્વાદનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

### સેવા-સમર્પણના સેનાની

આ મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવને ગોધરા, શહેરા, હાલોલ, સંજેલી, ઝાલોદ, દાહોદ તથા ગોધર વિસ્તારના સ્વયંસેવકોએ દિવસ-રાત ખડે પગે યોગદાન આપી સાર્થક બનાવ્યો હતો. ભક્તિનિવાસનાં પૂ. ત્યાગી મહિલામુક્તો તથા પંચમહાલ ઝોનના મહિલા સમાજે પણ પ્રશંસનીય સેવાઓ કરી હતી. તો વળી, મંદિરનિર્માણ, છાબ, સિંહાસન, મૂર્તિ, મહોત્સવ આદિકના યજમાનોએ તન, મન, ધનથી સેવા કરી સમ્રગ ઉત્સવને દીપાવ્યો હતો. આ ઉત્સવને સફળ બનાવવામાં પ્રભારી સંત પૂ. નિર્ગુણસ્વામીની સાથે પૂ. નિષ્કામસ્વામી, પૂ. વૈરાગ્યસ્વામી, પૂ. નિઃસ્વાદસ્વામી, પૂ. નિર્લોભસ્વામી, પૂ. સ્મરણસ્વામી તથા પૂ. વંદનસ્વામીએ દિવસ-રાત દાખડા કરી રંગચંગે આ ઉત્સવને દીપાવ્યો હતો. પરિણામે મહારાજ અને બાપાશ્રીનો જયજયકાર થયો.





### અનેકે અહીં હૃદયની બીમારી હરાવી..

# તમે તપાસ કરાવી?



અહીં ઉપલબ્ધ છે **ફુલટાઈમ કાર્ડિયોલોજીસ્ટ**

**કાર્ડિયાક સ્ક્રીનીંગ પેકેજ** માત્ર

~~₹4700~~

**₹1199**



**ડૉ.જસરાજ પંવાર**

**MD, DM**

(Interventional Cardiologist)

8 વર્ષનો અનુભવ

## આ પેકેજમાં સમાવિષ્ટ છે આ ટેસ્ટ

**- Haematology Test**
- CBC
- ESR

**- Diabetic Profile**
- RBS
- FBS
- PPBS

**- Kidney Function Test**
- Serum Creatinine
- Urine (Routine & Micro)

**- Liver Function Test**
- SGPT

**- Cardiac Profile**
- Lipid Profile - ECG
- Echo Screening/TMT

**- Radiological Investigation**
- Chest X-Ray

**- Consultations**
- Cardiac consultation
- Dietician (for Diet & Wellness)

SMVS SWAMINARAYAN HOSPITAL
A Humanitarian Hospital

NABH ACCREDITED

SMVS સ્વામિનારાયણ હોસ્પિટલ
SMVS સ્વામિનારાયણ હોસ્પિટલ રોડ, સ્વામિનારાયણ ધામની બાજુમાં, કોબા -ગાંધીનગર હાઇવે, ગાંધીનગર - 382 007.

**વધુ માહિતી માટે કોલ કરો : 63 59 77 07 25**

info@smvshospital.com

Emergency Help Line : 73 73 73 39 04 / 05 I www.smvshospital.com

Follow us :

**તા. ૧૫-૫-૨૦૨૪**ના રોજ **વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી**એ **મહેસાણા** ખાતે વાર્ષિક પાટોત્સવમાં લાભ આપી ઉપસ્થિત હરિભક્તોને દર્શન-આશીર્વાદનો લાભ આપી સુખિયા કર્યા હતા.

**તા. ૧૯-૫-૨૦૨૪**ના રોજ **વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી**એ પ્રાતઃ સમયે **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે સંકલ્પ સભામાં દિવ્યવાણીનો લાભ આપી ૨૦૯૭૦થી પણ વધુ હરિભક્તોને પ્રત્યક્ષ તથા ઑનલાઈન દર્શન-આશીર્વાદનો લાભ આપી સુખિયા કર્યા હતા. આજરોજ સાયંકાળે **વ્હાલા ગુરુજી**એ **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે ૭ પધરામણીનો લાભ આપી હરિભક્તોના સાંસાગોટિલા સ્વીકાર્યા હતા.

**તા. ૨૦-૫-૨૦૨૪**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે પ્રાતઃ સેશનમાં ૧૦ હરિભક્તોના ગૃહે પધરામણી તેમજ ૧ રસોઈનો લાભ આપી પ્રેમીભક્તોને કૃપાવંત બનાવ્યા હતા. આજરોજ સાયંકાળે **વ્હાલા ગુરુજી**એ **ગાંધીનગર** ઝોનમાં સત્સંગ પ્રવૃત્તિ તથા મંદિર વહીવટ સંભાળતા અગ્રેસર મુક્તોને અંગત ગોષ્ઠિનો લાભ આપી બળિયા કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ રાત્રિ સેશનમાં **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે હેપી ફૅમિલિ સભા દરમ્યાન દિવ્યવાણીનો લાભ આપી ૧૫૧૦થી પણ વધુ હરિભક્તોને ધન્યભાગી બનાવ્યા હતા.

**તા. ૨૨-૫-૨૦૨૪**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે ગાંધીનગર ઝોનના સત્સંગ પ્રવૃત્તિ તથા મંદિર વહીવટ સંભાળતા મુક્તોને રાજીપાદર્શનનો લાભ આપ્યો હતો.

**તા. ૨૩-૫-૨૦૨૪**ના રોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ સમયે **વાસણા** ખાતે પૂનમ સમૈયામાં બળપ્રેરક દિવ્યવાણીનો લાભ આપી ૨૫૭૫૭થી પણ વધુ હરિભક્તોને પ્રત્યક્ષ તથા ઑનલાઈન દર્શન-આશીર્વાદનો લાભ આપી સુખિયા કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ સાયંકાળે **વાસણા** તથા **ઘાટલોડિયા** ખાતે અનુક્રમે ૧-૧ પધરામણીનો લાભ આપી ભક્તોને કૃતાર્થ બનાવ્યા હતા.

**તા. ૨૪-૫-૨૦૨૪**ના રોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ સમયે **હાલોલ** ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ પૂર્વે નૂતન સભા હૉલ, સંત આશ્રમનું ઉદ્ઘાટન તેમજ મંદિર નિરીક્ષણ કરી અંગત શિબિરમાં ઘણા હરિભક્તોને કથાવાર્તાનો લાભ આપી બળિયા કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **હાલોલ**ના નિકટના હરિભક્તોને સ્મૃતિ છબી આપી આજીવન પર્યંત ન ભુલાય તેવાં સંભારણાં આપ્યાં હતાં.

**તા. ૨-૬-૨૦૨૪**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **ગોતા** ખાતે સાયંકાળે ૧ હરિભક્તના ગૃહે પધરામણી, રસોઈ તથા જાહેર સભામાં સુધાવાણીનો લાભ આપી સેંકડો હરિભક્તોને આનંદ પમાડ્યો હતો.

**તા. ૩-૬-૨૦૨૪**ના રોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ સમયે **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે સંકલ્પ સભામાં દિવ્યવાણીનો લાભ આપી ૨૫૭૮૭થી પણ વધુ હરિભક્તોને પ્રત્યક્ષ તથા ઑનલાઈન દર્શન-આશીર્વાદનો લાભ આપી સુખિયા કર્યા હતા.

**તા. ૬-૬-૨૦૨૪**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **વિજાપુર** ખાતે સાયંકાળે ૧ હરિભક્તના ગૃહે પધરામણી, રસોઈ તથા જાહેર સભામાં ઘણા હરિભક્તોને અમૃતવાણીનો લાભ આપી સુખિયા કર્યા હતા.

**તા. ૮-૬-૨૦૨૪**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **વાસણા** ખાતે વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે પધારી ૧ પધરામણી તથા રસોઈનો લાભ આપી હરિભક્તના કાલાવાલા સ્વીકાર્યા હતા.

**તા. ૧૦-૬-૨૦૨૪**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **વડોદરા** ખાતે સાયંકાળે વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે પધારી ૧ પધરામણી તથા રસોઈનો લાભ આપી હરિભક્તોના મનોરથ પૂર્ણ કર્યા હતા. આજરોજ રાત્રિ સમયે **વ્હાલા ગુરુજી**એ **વડોદરા** મંદિરે હેપી ફૅમિલિ સભા નિમિત્તે જાહેર સભામાં બળપ્રેરક દિવ્યવાણીનો લાભ આપી ૨૩૮૦થી વધુ હરિભક્તોને ધન્ય કર્યા હતા.

**તા. ૧૧-૬-૨૦૨૪**ના રોજ વ્હાલા ગુરુજીએ **વડોદરા** મંદિરે પ્રાતઃ સમયે ઝોનલ સભામાં ૩૪૬થી વધુ હરિભક્તોને લાભ આપ્યો હતો. ત્યારબાદ ૧૦ હરિભક્તોના ગૃહે પધરામણી તથા રસોઈનો લાભ આપી હરિભક્તો પર દર્શન-આશીર્વાદ દ્વારા રાજીપો વરસાવ્યો હતો. આજરોજ સાયંકાળે **વ્હાલા ગુરુજી**એ **વડોદરા** ખાતે ૫ પધરામણીનો લાભ આપી **વાઘોડિયા** ખાતે રાત્રિ સમે હેપી ફૅમિલિ સભામાં કથાવાર્તાનો લાભ આપી ૧૮૫૦થી વધુ હરિભક્તોને સુખિયા કર્યા હતા.

**તા. ૧૨-૬-૨૦૨૪**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **વરાછા (સુરત)** ખાતે પ્રાતઃ સમયે ઝોનલ સંકલ્પ સભામાં ૬૯૮થી વધુ હરિભક્તોને દિવ્યવાણીનો લાભ આપી હરિભક્તોને બળિયા કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ સાયંકાળે **વરાછા** ખાતે જાહેર સભામાં બળપ્રેરક દિવ્યવાણીનો લાભ આપી ૨૮૨૭થી પણ વધુ હરિભક્તોને સુખિયા કર્યા હતા.

**તા. ૧૫-૬-૨૦૨૪**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **ગાંધીનગર** ખાતે ૧ મહાપૂજા તથા પધરામણીનો લાભ આપી પ્રેમી હરિભક્તોના કોડ પૂરા કીધા હતા.

**તા. ૧૬-૬-૨૦૨૪**ના રોજ **વ્હાલા ગુરુજી**એ સવારના સેશનમાં **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ઝોનના બાળ સમર કૅમ્પમાં ૧૫૦થી વધુ બાળકોને બાળશૈલીમાં દિવ્યવાણીનો લાભ આપી આગવી સ્મૃતિ આપી હતી. આજરોજ **વ્હાલા ગુરુજી**એ સાયંકાળે **રણછોડના મુવાડા (ગોધર)** ખાતે ૧ પધરામણી તથા જાહેર સભામાં બળપ્રેરક દિવ્યવાણીનો લાભ આપી ૨૧૦૦થી પણ વધુ હરિભક્તોને દર્શન-આશીર્વાદનો લાભ આપી સુખિયા કર્યા હતા.

## સંસ્થા ગૌરવ



**પુલકિત વ્રજલાલ સતાપરા – સુરેન્દ્રનગર.**

સુરેન્દ્રનગર સેન્ટરના ઘરધણી મુક્ત પુલકિત સતાપરા GPSC પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ ગુજરાત સરકારના પાણી પુરવઠા અને ડ્રેનેજ વ્યવસ્થા બોર્ડમાં નાયબ કાર્યપાલક ઈજનેર તરીકે પસંદગી પામ્યા છે. મહાપ્રભુના ચરણોમાં એ જ પ્રાર્થના કે ભવિષ્યમાં તેઓ પોતાની કારકિર્દીમાં આ જ રીતે ઝળહળતી સફળતા પ્રાપ્ત કરતા રહે.

# બોટાદ શિલાન્યાસ સમારોહ






સર્વોપરી સ્વામિનારાયણ ભગવાનની ઉપાસના દૃઢ કરી, અનાદિમુક્તની સ્થિતિના પ્રવર્તનનો જ સંકલ્પ લઈને શ્રીજીમહારાજ આ બ્રહ્માંડમાં પધાર્યા છે. વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની અનુજ્ઞાથી સંસ્થાના સર્વે પૂ. સંતો દેશ-વિદેશમાં વિચરણ કરી સત્સંગના પ્રચાર-પ્રસારને વેગ આપી રહ્યા છે. એ ન્યાયે તા. ૭-૬-૨૦૨૪ના રોજ બોટાદ ખાતે વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની દિવ્ય નિશ્રામાં નૂતન સત્સંગ કેન્દ્રનો શિલાન્યાસ સમારોહ ધામધૂમથી ઊજવાઈ ગયો.

આજે સૌ કોઈના હૈયે આનંદ સમાતો ન હતો. સાયંકાળે વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સાથે વ્હાલા ગુરુજીનું સામૈયું કરવામાં આવ્યું હતું. સામૈયા બાદ મહારાજ સમક્ષ આમંત્રિત મહાનુભાવો, યજમાનો તથા મોટેરા હરિભક્તો સાથે દિવ્ય મહાપૂજા વિધિ મંગલમય પરિસરમાં શરૂ થયો હતો. ત્યારબાદ વ્હાલા ગુરુજીના દિવ્ય કરકમળો દ્વારા નિર્માણ પામનાર નૂતન સત્સંગ કેન્દ્રના પ્લાનનું કુમકુમ વડે પૂજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ વ્હાલા ગુરુજીએ આમંત્રિત મહેમાનો તથા યજમાનોને શિલારોપણ અને આરતીનો લાભ આપી કૃતાર્થ બનાવ્યા હતા. આરતી બાદ વ્હાલા ગુરુજીએ ઉપસ્થિત સર્વે હરિભક્ત સમાજને બળપ્રેરક દિવ્યવાણીનો લાભ આપી સુખિયા કર્યા હતા. આજના પ્રસંગે ભાજપ મહામંત્રી શ્રી પ્રકાશભાઈ, માજી શહેર પ્રમુખ ચંદુભાઈ સાવલિયા, માજી ફૂડ ઇન્સ્પેક્ટર સી.એલ. ભીકડિયા, અશોકભાઈ માથોડિયા, કેતનભાઈ રોજસણ તથા પટેલ સમાજના ટ્રસ્ટી જે.કે. પટેલ તેમજ ઈશ્વરભાઈ ધરમશીભાઈ પટેલે ઉપસ્થિત રહી દર્શન-આશીર્વાદ, પ્રસાદ લઈ ધન્યતા અનુભવી હતી. આમ, આજના દિને ૨૫૦૦થી વધુ હરિભક્તો લાભ લઈ ધન્ય થયા હતા. સમગ્ર પ્રોગ્રામ વ્હાલા ગુરુજીની અનુજ્ઞાથી પ્રભારી સંત પૂ. નિર્ગુણસ્વામીની દેખરેખ હેઠળ પૂ. મૂર્તિસ્વામી, પૂ. આદર્શસ્વામી તથા અન્ય સેવક સંતોના સહયોગથી સંપન્ન થયો હતો.

## AYP Camp





એકમાત્ર શ્રીજીમહારાજ રાજી થાય એવું દિવ્યજીવન જીવી રાજીપાની ઝંખના સેવતી સેના એટલે આદર્શ યુવા સેના. આધ્યાત્મિક માર્ગ પર ચાલેલા આ મુમુક્ષુઓ માટે તા. ૩થી ૬ મે, તા. ૧૬થી ૧૯ મે અને તા. ૩૦ મેથી ૨ જૂન એમ ત્રણ ભાગમાં ઝોનવાઇઝ ચાર-દિવસીય **AYP** કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. વ્હાલા ગુરુજી પણ પોતાના વ્હાલસોયા દીકરાઓને આ કૅમ્પ દ્વારા અનાદિમુક્તની સ્થિતિના માર્ગે દોડાવવા તત્પર બન્યા હતા. આ વખતે કૅમ્પમાં વ્હાલા ગુરુજીની દિવ્યવાણી દ્વારા દેહ-આત્માની વિક્તિ નોખી રાખવા પર તથા જીવનમાં સત્પુરુષની જરૂરિયાત વિષય પર વિશેષ લાભ મળ્યો હતો. ત્યારબાદ પૂ. સંતો દ્વારા સરળ ભાષામાં વિગતે સમજૂતી મળતાં સૌ રાજીપાના માર્ગે દોડવાના આગ્રહી બન્યા હતા. આ વખતે રાત્રિ સેશન દરમ્યાન વ્હાલા ગુરુજી જાણે સૌને પોતાનું દિવ્ય સાંનિધ્ય આપીને વિશિષ્ટ કાર્યક્રમો દ્વારા નિકટ ખેંચી રહ્યા હતા. ચાર-દિવસીય કૅમ્પમાં એક દિવસ ફરજિયાત તથા બે દિવસ સ્વૈચ્છિક પ્રૅક્ટિકલ સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. આમ, આ કૅમ્પોમાં ૧૬૫૦થી પણ વધુ મુક્તો ઉપસ્થિત રહી સ્થિતિના માર્ગે આગળ વધવાનું ભાથું ભેગું કરી છૂટા પડ્યા હતા.

## પ્રિ-મુમુક્ષુ કૅમ્પ




ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના મૂર્તિસુખની યાત્રાલક્ષી આદર્શ પ્રૉજેક્ટ અન્વયે તા. ૧૧થી ૨૦ મે તથા તા. ૫થી ૧૪ જૂન એમ બે વિભાગમાં ઝોનવાઇઝ દસ-દિવસીય પ્રિ-મુમુક્ષુ કૅમ્પ વ્હાલા ગુરુજીના દિવ્ય સાંનિધ્યમાં યોજાઈ ગયો.

આ કૅમ્પનું આયોજન વ્હાલા ગુરુજીના સંકલ્પ મુજબ કરવામાં આવ્યું હતું. જેમાં સૌને અનાદિમુક્તની સ્થિતિ પામવાના માર્ગે આગળ વધારવા માટે ગુરુજીનો પ્રબળ સંકલ્પ દેખાઈ રહ્યો હતો. વ્હાલા ગુરુજીની દિવ્યવાણી દ્વારા સૌને દેહ અને આત્માની વિક્તિ નોખી રાખવા અંગે તેમજ સાંખ્યજ્ઞાન ઉપર પ્રૅક્ટિકલ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આમ, આ કૅમ્પમાં ૬૦૦થી પણ વધુ મુક્તોએ ઉપસ્થિત રહી મૂર્તિસુખની યાત્રાના માર્ગે આગળ વધવાનું બળ પ્રાપ્ત કર્યું હતું.



# COMING SOON

## SMVS

## સત્સંગ એપ્લિકેશન

તદ્દન નવા ફીચર્સ તથા આકર્ષક અંદાજમાં
ટૂંક સમયમાં પ્રસ્તુત

**આકર્ષક નૂતન કેલેન્ડર**




(૧) નૂતન વર્ષે પોતાના સગાંસંબંધી, વેપારી બંધુ તથા મિત્રવર્તુળને આપવા માટેના કેલેન્ડર પોતાની જાહેરાત (૧૦.૫" X ૨.૫") સાથે કરાવી શકાય છે. (૨) પ્રાણપ્યારા ઘનશ્યામ મહાપ્રભુની નયનરમ્ય દિવ્ય તથા સુખદાયી મૂર્તિના કેલેન્ડર વહેલી તકે નોંધાવો. (૩) સંસ્થાના દરેક કેન્દ્રમાં કેલેન્ડરના ઓર્ડર નોંધાય છે.

## ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓ

### સામાન્ય પ્રવાહ


પૃથ્વીરાજસિંહ જાડેજા
PR-૯૯.૮૬, ગુરુકુલ


સમર્થ પ્રજાપતિ
PR-૯૯.૮૪, કલોલ


સ્નેહ પ્રજાપતિ
PR-૯૯.૭૭, હિં.નગર


માનવ મલ્લી
PR-૯૮.૮૪, વાસણા


ધ્રુમિન ભરવાડ
PR-૯૭.૩૬, ગુરુકુલ


મિતેષ ચૌહાણ
PR-૯૭.૧૪, ઘન.નગર


આશિષ દરજી
PR-૯૬.૬૯, ગુરુકુલ


માનવ સરડવા
PR-૯૬.૫૮, મોરબી


દિવ્ય માલવિયા
PR-૯૬.૦૬, ઘન.નગર


વૃક્ષલ વ્યાસ
PR-૯૬.૦૬, મોરબી


ઉર્વેશ સપોલિયા
PR-૯૫.૫૬, ડભોલી


દીપક સિંગાળા
PR-૯૪.૯૯, ગુરુકુલ


પ્રિન્સ પટેલ
PR-૯૪.૮૩, ગુરુકુલ


તેજસ આલગિયા
PR-૯૩.૧૮, ઘન.નગર


શ્રેય મોઘરિયા
PR-૯૩, સુરેન્દ્રનગર


ભૌતિક કાથરોટિયા
PR-૯૧.૬૯, ગુરુકુલ


હર્ષ પટેલ
PR-૯૧.૩૧, છાત્રા.


પ્રિયાંશ પટેલ
PR-૯૧.૩૧, છાત્રા.

### વિજ્ઞાન પ્રવાહ


તીર્થ પટેલ
PR-૯૯.૬૯, મહેસાણા


નમન સોનાની
PR-૯૮.૮૮, વાસણા


હરિવદન પટેલ
PR-૯૭.૦૧, છાત્રા.


મિહિર સોંડાગર
PR-૯૪.૦૯, ઘન.નગર

## ધોરણ-૧૦નાં વિદ્યાર્થિનીઓ

| નામ | પર્સન્ટાઇલ | વિસ્તાર | નામ | પર્સન્ટાઇલ | વિસ્તાર |
|---|---|---|---|---|---|
| દૃષ્ટિ ચાવડા | ૯૯.૯૬ | રાજકોટ | ગાર્ગી ગોરાજિયા | ૯૭.૫૧ | SDIS |
| કાવ્યા પટેલ | ૯૯.૯૬ | ઘાટલોડિયા | દિયા પટેલ | ૯૭.૦૨ | રાજકોટ |
| પ્રિન્સી પટેલ | ૯૯.૮૩ | ગોધર | ધારા ભાવસાર | ૯૬.૯ | ગોતા |
| નેત્રા પટેલ | ૯૯.૭૨ | ઘાટલોડિયા | પ્રિન્સી વઢવાણા | ૯૬.૯ | વિરમગામ |
| શૈલી પટેલ | ૯૯.૧૪ | અંકલેશ્વર | પ્રિયંકા વાળંદ | ૯૬.૯ | SDIS |
| ધાર્મી સોનાની | ૯૯.૦૭ | વાસણા | નિષ્ઠા મિસ્ત્રી | ૯૬.૫૧ | ગાંધીનગર |
| હેતવી આદ્રોજા | ૯૮.૮૨ | મોરબી | પરી વાઘેલા | ૯૬.૨૩ | વાસણા |
| ટ્વિંકલ પટેલ | ૯૮.૫૫ | ગર્લ્સ ગુરુકુલ | અનેરી ચોવટિયા | ૯૫.૮૨ | ઈસનપુર |
| પ્રાચી લબાના | ૯૭.૮૧ | ગર્લ્સ ગુરુકુલ | રાજવી હળવદિયા | ૯૫.૩૯ | મોરબી |
| જેન્સી પટેલ | ૯૭.૫૧ | વિરમગામ | પ્રિન્સી પટેલ | ૯૫.૨૪ | - |

## ધોરણ-૧૨નાં વિદ્યાર્થિનીઓ

### ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનાં વિદ્યાર્થિનીઓ

| નામ | પર્સન્ટાઇલ | વિસ્તાર |
|---|---|---|
| એશા રામાણી | ૯૯.૨૯ | ગર્લ્સ ગુરુકુલ |
| કૃપા વિઠ્ઠલાપરા | ૯૮.૬૪ | મોરબી |
| સાનવી પટેલ | ૯૮.૦૨ | ચાંદખેડા |
| પ્રિયમ બ્રહ્મભટ્ટ | ૯૭.૨૫ | વાસણા |
| નિષ્ઠા પૂજારા | ૯૬.૫૮ | વાસણા |
| ખુશી વેકરિયા | ૯૫.૫૬ | ગર્લ્સ ગુરુકુલ |
| પ્રાપ્તિ ગજ્જર | ૯૪.૮૩ | ગર્લ્સ ગુરુકુલ |
| હાર્વી ઠુમ્મર | ૯૨.૮૨ | ગર્લ્સ ગુરુકુલ |
| અંજલિ ઠક્કર | ૯૧.૮૮ | સેટેલાઇટ |
| વૈષ્ણવી ચૌહાણ | ૯૧.૮૮ | SDIS |
| આજ્ઞા સોની | ૯૧.૩૧ | ગર્લ્સ ગુરુકુલ |
| મેઘા પટણી | ૯૧.૧૧ | SDIS |
| વૈદેહી ચાવડા | ૯૦.૦૬ | SDIS |


### ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહનાં વિદ્યાર્થિનીઓ

| નામ | પર્સન્ટાઇલ | વિસ્તાર |
|---|---|---|
| હેતવી મકવાણા | ૯૯.૪૯ | ગાંધીનગર |
| ઈશા કાલરિયા | ૯૯.૩૨ | ઘન.નગર |
| ઈશ્વા કાલોલા | ૯૩.૮૯ | જૂનાગઢ |
| દિપ્સુ પટેલ | ૯૩.૬૭ | ઊંઝા |
| ક્રિષા દશાંદી | ૯૩.૦૪ | સેટેલાઇટ |

### ધોરણ-૧૨ની વિદ્યાર્થિની (CBSE બોર્ડ)

| | | |
|---|---|---|
| ગાથા સરડવા | ૯૦.૨૦ | મોરબી |

# ગુરુપૂર્ણિમા ઉત્સવ-૨૦૨૪



**વ્હાલા ગુરુજીનાં દર્શન–આશીર્વાદનો અણમોલ લાભ. વર્ષની ૧૨ પૂનમો પૈકી અગિયાર પૂનમ શિષ્યોની જ્યારે એક પૂનમ ગુરુની હોય છે. તે મંગળકારી દિન એટલે ગુરુપૂર્ણિમા – અષાઢ સુદ પૂનમનો દિન. આ દિવ્ય પ્રસંગે ગુરુજીનાં પૂજન–દર્શનનો અણમોલ લાભ લેવા માટે, દર વર્ષે જે તે ઝોનના હરિભક્તોએ અચૂક આ દિવ્ય લાભ લેવો.**

**સૂચના :**

- બાકી રહેલા તમામ ઝોનમાં વ્હાલા ગુરુજી દર્શનદાન આપવા પધારી સૌને સુખિયા કરશે. સર્વે હરિભક્તોએ ગુરુજીને રાજી કરવા વ્યવસ્થામાં સહકાર આપવા વિનંતી.
- મિત્રવર્તુળ તથા સગાંસંબંધી સહિત પધારવા ભાવભર્યું નિમંત્રણ.
- ભગવાન ને સંતનાં દર્શને જવું ત્યારે ખાલી હાથે ન જવું. ઠાકોરજી માટે અને મોટાપુરુષ માટે ફ્રૂટ-ડ્રાયફ્રૂટ, પૂજન માટે વિશિષ્ટ હાર, શ્રીફળ, સાકરનો પડો લઈને જઈએ તે આપણી એમના પ્રત્યેની પ્રેમલક્ષણા ભક્તિ છે, મમત્વભાવ છે.

**અમદાવાદ ઝોન :** તા : ૨૧-૭-૨૦૨૪, રવિવાર, સમય : સવારે ૯થી ૧૨

- સ્થળ : સ્વામિનારાયણ મંદિર, વાસણા, અમદાવાદ

**સૂચના :**

- આજના દિને માત્ર અમદાવાદ ,ગાંધીનગર ઝોનના તથા મુંબઈના મુક્તોએ જ લાભ લેવા આવવાનું રહેશે.
- આ સિવાય અન્ય ઝોનમાંથી માત્ર આમંત્રિત મુક્તોએ જ લાભ લેવા પધારવાનું રહેશે.

**પંચમહાલ ઝોન :** તા. ૧૪-૭-૨૦૨૪, રવિવાર ● સમય : સવારે ૧૦થી ૧૨

- સ્થળ : શ્રી સ્વામિનારાયણ મંદિર, ગોધર

**સૂચના :**

- પંચમહાલ ઝોનના સર્વે હરિભક્તોએ આજના દિવસે ગુરુજીનાં પૂજન તથા દર્શનનો લાભ લેવા પધારવાનું રહેશે.



સત્પુરુષ એ આત્માના સર્જન ડૉક્ટર છે.



(૧-૨) મહેસાણા તથા વિજાપુર ખાતે અનુક્રમે પાટોત્સવ તથા સભામાં લાભ (૩-૫) સ્વામિનારાયણ ધામ ખાતે ઝોનલ વિચરણ (૬-૭) ગોતા તથા વાસણા ખાતે અનુક્રમે જાહેર સભા તથા પધરામણીમાં લાભ (૮) કેનેડાના ભક્તોને દર્શનનો લાભ

Ghanshyam, July-2024. Published on 10-07-2024. Post at SRO Gandhinagar. 10th to 13th on Every Month. Licenced to Post without prepayment No. PMG/NG/060/2024-26, Valid up to 31-12-2026. Regd No. G-GNR-315/ 2024-26, Extended up to 31-12-2026. RNI No. 33267/78.

Printed Sadhu Purnaswarupdas, Published by Sadhu Bhaktvatsaldas on Swaminarayan Mandir Vasna Sanstha (SMVS) and at Vibrant Image Basement, Hi-Tech Complex, Paldi, Ahmedabad 380007 and Published at Swaminarayan Dham, Koba-Gandhinagar Highway, Gandhinagar-7. Editor-Narendrabhai R. Trivedi.


૧


૨


૩


૪


૫


૬


૭


૮

(૧-૪) વડોદરા ખાતે ઝોનલ સત્સંગ વિચરણ (૫-૬) વરાછા (સુરત) ખાતે પ્રાતઃસભા તથા જાહેર સભામાં લાભ

(૭-૮) સ્વામિનારાયણ ધામ તથા રણછોડના મુવાડા (ગોધર) ખાતે અનુક્રમે પધરામણી તથા જાહેર સભામાં લાભ